


❖ **તાજેતરમાં આર્જેન્ટિનાના બ્યુનોસએરેસ ખાતે ચાલી રહેલી G20ની 13મી બેઠકમાં પ્રધાનસેવક નરેન્દ્ર મોદી દ્વારા 2022માં G20ની સમિટનું આયોજન ભારતમાં થશે એવી જાહેરાત કરવામાં આવી. આ આયોજન 2022માં ભારતના 75માં સ્વતંત્રતાના ભાગરૂપે કરશે.**

**G20 સમિટ 2018 :**
આર્જેન્ટિના દ્વારા ત્રણ એજન્ડા રજુ કરવામાં આવ્યા (1) ફ્યુચર ઓફ વર્ક (2) વિકાસ માટે માળખુ (3) ટકાઉ ખોરાક
આર્જેન્ટિના દ્વારા આ સમિટમાં ચિલી અને નેધરલેન્ડને વધારાના આમંત્રિત દેશો તરીકે આમંત્રણ આપેલુ હતું.

**G20 સમિટ :**
- **ઉદ્દેશ :** વૈશ્વિક અર્થતંત્રના મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવા માટે વ્યવસ્થિત રીતે મહત્વપુર્ણ ઔદ્યોગિક અને વિકાસશીલ અર્થતંત્રને એક સાથે લાવો.
- **સભ્યદેશ :** 20
- **નિર્માણ :** 26 September, 1999ના દિવસે નાણાકિય સ્થિરતાને લગતી નીતિઓની ચર્ચા કરવા ત્યારબાદ 2008 થી તેનો એજન્ડા વિસ્તૃત કરવામાં આવ્યો જેમાં દેશના વડા તેમજ નાણાપ્રધાન અને વિદેશપ્રધાનનો સમાવેશ કરવામાં આવ્યો.

❖ **જાપાન એર સેફ ડિફેન્સ ફોર્સ (JASDF) અને ભારતીય હવાઈ દળ (IAF) વચ્ચેની પ્રથમ દ્વિપક્ષીય હવાઈ કવાયત શિન્યુયુ મંત્રી–18 એર ફોર્સ સ્ટેશન આગ્રા ખાતે થઈ હતી.**

**થીમ :**
જોઈન્ટ મોબિલીટી/ હ્યુમિનિટેરીયન આસિસ્ટન્ટ & ડિઝાસ્ટર રિલીફ (HADR) ઓન ટ્રાન્સપોર્ટ એરક્રાફટ જેમાં JASDF એ C2 વિમાન સાથે ભાગ લેશે જયારે IAF એ C-17 અને એન–32 વિમાનો સાથે ભાગ લેશે.

❖ **ભારતીય નૌકાદળ જાન્યુઆરી 2016 થી માર્ચ 2019 સુધી થિયેટર લેવલ ઓપરેશન રેડનેસ એકસરસાઈઝ (TROPEX)ને તેની તટવર્તી મોટી દરિયાકિનારા સંરક્ષણ કવાયત કરશે. જે સમગ્ર તટવર્તી સુરક્ષા ઉપકરણની મજબુતાઈનું પરિક્ષણ કરશે.**

**TROPEX :**
ભારતીય સૈન્ય, હવાઈ દળ, નૌકાદળ અને કોસ્ટગાર્ડની સહભાગીતાને જોડતી આંતર સેવા લશ્કરી કવાયત છે. જેની શરૂઆત 2005માં ગોવાના દરિયાકિનારે થઈ હતી.
TROPEX 2017 ભારતના પશ્ચિમી બંદરે અને દરિયાઈ તબક્કે આયોજિત થઈ હતી.

❖ **કતારએ જાન્યુઆરી 2019 થી ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એકસપોર્ટીંગ કંટ્રીઝ (OPEC) છોડવાની જાહેરાત કરી છે અને કુદરતી ગેસના ઉત્પાદનમાં ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.**

કતાર 1961 થી OPECના સભ્ય છે.
કતાર વિશ્વની સૌથી મોટી પ્રવાહી પ્રાકૃતિક ગેસ (LPG)નું નિકાસકાર છે અને ક્રુડ ઓઈલનો 17મો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. વિશ્વના વૈશ્વિક ઓઈલ અનામતમાં લગભગ 2% હિસ્સો ધરાવે છે.

OPEC :- ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એકસપોર્ટિંગ કંટ્રીઝની સ્થાપના બગદાદ, ઈરાકમાં કરવામાં આવી હતી.
સંસ્થાના સ્થાપક પાંચ સભ્ય દેશો ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરેબિયા અને વેનેઝુએલા હતા. સ્થાપક દેશોમાંથી વેનેઝુએલા માત્ર દક્ષિણ અમેરિકામાં આવેલ છે.

**સભ્યદેશ :** 15 દેશ

- **હેડકવાર્ટર :** વિયેના, ઓસ્ટ્રિયા
- **સ્થાપના :** સપ્ટેમ્બર, 1960

❖ **ક્રોએશિયાના મિડફિલ્ડર લુકા મોડરિચ એ ફુટબોલના પ્રતિષ્ઠિત સન્માન બલોન ડી'ઓર ઉત્યા છે અને નોર્વેના એડા હેગરબર્ગ વિમેન્સ બેલોન ડી'ઓર ઉત્યા છે.**

❖ **ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીરએ ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃતીની જાહેરાત કરી છે.**

જન્મસ્થળ : દિલ્હી

2009 માં ICC ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ આપવામાં આવ્યો છે.

❖ **નાસાના કેટલર સ્પેસ ટેલિસ્કોપ (KST)ની મદદથી 100 થી વધુ નવા એકસો–પ્લાનેટ (જે સૂર્ય કરતા અન્ય તારાઓનું પરિભ્રમણ કરે છે) શોધાઈ ચુકયા છે.**

**કેટલર સ્પેસ ટેલિસ્કોપ (KST) :**
કેએસટી એ નાસા દ્વારા રચિત માનવરહિત અવકાશ વેધશાળા છે. જેમનો ઉદ્દેશ્ય આંકડાકિય મિશન માટે જ છે અને ગ્રહોની પર્યાવરણીય પરિસ્થિતિની તપાસ કરવા થયો નથી.
તે એવા તારાઓની માહિતી આપવા નિર્માણ કરેલ છે જે તારાઓના કહેતા ગોલ્ડિલોકસ ઝોનમાં અસ્તિત્વ ધરાવે છે.
સાડા પાંચ વર્ષના આયુષ્યમાં તેણે આપણા સોલર સિસ્ટમની બહારથી 2600 થી વધુ રસપ્રદ એકસપ્લાનેટ શોધ્યા હતા. નાસાએ નવેમ્બર 2018માં KST ને નિવૃત કર્યુ.

**ગોલ્ડીલોકસ ઝોન :**
તારાની આસપાસ વસવાટયોગ્ય ઝોનનો ઉલ્લેખ કરે છે જયાં તાપમાન બરાબર છે. ખૂબ ગરમી નથી અને ખૂબ ઠંડી નથી.

❖ **કેન્દ્ર સરકારે ઉત્તરાખંડમાં ગંગોત્રી અને યમુનોત્રી, મધ્યપ્રદેશમાં અમરકંટક અને ઝારખંડમાં પારસનાથ યાત્રાધામને PRASAD યોજના હેઠળ આવરી લેવાયા છે. હવે 25 રાજયોમાં આ સાઈટસ 41 થઈ ગઈ છે.**

**PRASAD યોજના (પિલગ્રીમ રિજુવેનેશન એન્ડ સ્પિરીટયુઅલ, હેરીટેજ ઓગમેન્ટેશન ડ્રાઈવ) :**
સંપૂર્ણ ધાર્મિક પ્રવાસન અનુભવ પૂરો પાડવા માટે આયોજન, પ્રાથમિકતા અને ટકાઉ રીતે યાત્રાધામ સ્થળોના સંકલિત વિકાસનો લક્ષ્યાંક છે તે તીર્થ સ્થળની વિકાસ અને સુશોભન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**નાણાભંડોળ :**

Banking Academy

પ્રવાસન મંત્રાલય રાજ્ય સરકારને કેન્દ્રિય નાણાકિય સહાય પુરા પાડશે. કેન્દ્ર સરકાર 100% નાણાભંડોળ પુરૂ પાડશે. પ્રોજેકટની ટકાઉ સ્થિરતા માટે જાહેર ખાનગી ભાગીદારી અને CSRને પણ આવરી લેવાયા છે.

**પ્રવાસન મંત્રાલય મંત્રી :** કે. જે. આલ્ફોન્સ

### ❖ ઈસરોએ ભારતના સૌથી ભારે અને સૌથી અદ્યતન સંચાર સેટેલાઈટ Ö એસએટી–11ને અવકાશમાં સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે.

તેને દક્ષિણ અમેરિકામાં આવેલ કોરૂ, ફ્રેન્ચ ગિયાનાથી એરિયન 5 VA-246 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું.

1200 કરોડના ખર્ચે નિર્માણ પામેલ સેટેલાઈટનો વજન 5854 Kg. છે.

તે ભારતીય ભૂપ્રદેશ અને ટાપુઓના વપરાશકર્તાઓને ઉચ્ચ વપરાશ ડેટા કનેક્ટિવિટી પૂરી પાડશે. જેમા કુ–બેન્ડમાં 32 વપરાશકર્તા બીમ અને કા બેન્ડમાં 8 હબ–બીમ હશે.

### ❖ તાજેતરમાં ઓડીશાની કંધામલ હળદરને Öઓગ્રાફિકલ ઈન્ડિકેશન કંધમલ એપેકસ મસાલા એસોસિયેશન ફોર માર્કેટીંગ અને ગુડસના ભૌગોલિક સંકેતોના (રજિસ્ટ્રીના વિભાગ 13)ની પેટા કલમ (1) હેઠળ સ્વીકારવામાં આવી.

આ હળદર ઓડીશાના કંધમાલ આદિવાસીની મુખ્ય રોકડ પાક છે. ઘરેલુ ઉપયોગ, તેમજ કોસ્મેટીક અને ઔષધિય હેતુ માટે પણ વપરાય છે.

**GI ટેગ :**
તે કૃષિ, કુદરતી અને ઉત્પાદિત માલ–સામાન માટે ખાસ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠાની સ્થાપના માટે ઉપયોગ થાય છે. Öઆઈની નોંધણી 10 વર્ષ માટે માન્ય રહેશે જેના પછી તેને નવીનીકરણ કરાવવું પડશે.
વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ના સભ્ય તરીકે ભારતએ ગુડસ (રજિસ્ટ્રેશન એન્ડ પ્રોટેકશન) એકટ, 1999ના ભૌગોલિક સંકેત લિપી અમલમાં મુકયા છે જે 15 સપ્ટેમ્બર 2003 થી અમલી બન્યુ છે.
ટ્રેડ રીલેટેડ એસ્પેકટ ઓફ ઈન્ટેલેકયુઅલ પ્રોપર્ટી રાઈટસ (TRIPS)ની કલમ 22(1) હેઠળ Öઆઈને વ્યાખ્યાયિત કરવામાં આવી છે. જે મુજબ, સુચકાંકો જે સભ્યદેશના પ્રદેશ અથવા વિસ્તારના પ્રદેશોમાં તેની ગુણવત્તા, પ્રતિષ્ઠા જેવી લાક્ષણિકતા તેના ભૌગોલિક મૂળ માટે જવાબદાર છે.
**વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય :** ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ

### ❖ વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશને તાજેતરમાં તેનો 80મો સત્ર મુંબઈ ખાતે આયોજિત કર્યો હતો. જેને સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડિરેકટ ટેકસ એન્ડ કસ્ટમ્સ દ્વારા કેન્દ્રિય નાણાપ્રધાન હેઠળ હોસ્ટ કરાઈ હતી.

**વર્લ્ડ કસ્ટમ ઓર્ગેનાઈઝેશન :**
તે સ્વતંત્ર આંતર સરકારી સંસ્થા છે. જેના હેતુ કસ્ટમ વહિવટની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટે છે.

- **મુખ્યાલય :** બ્રસેલ્સ, બેલ્જિયમ

### ❖ ભારતની રાષ્ટ્રીય એકેડમી લેટર્સ સાહિત્ય એકેડમીએ 24 કવિઓ અને લેખકોના નામની જાહેરાત કરી છે જે 24 વિવિધ ભારતીય ભાષામાં પ્રતિષ્ઠિત 2018 સાહિત્ય અકાદમી એવોર્ડ એનાયત કરવામાં આવશે.

સાહિત્ય અકાદમીના પ્રમુખ ચંદ્રશેખર કંબર છે.

સાહિત્ય અકાદમીની સ્થાપના 1954માં કરવામાં આવી છે.

આ એવોર્ડમાં બંધારણમાં સ્થાન પામેલ 22 ભાષા સાથે અંગ્રેÖ અને રાજસ્થાની ભાષાનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતના પ્રોફેસર શરીફા વિજળીવાળાને નિબંધ માટે પુરસ્કાર આપવામાં આવશે તેમને આ પુરસ્કાર પોતાના નિબંધ 'વિભાજનની વ્યથા' માટે સન્માનિત કરવામાં આવશે. આ નિબંધમાં ભારત–પાકિસ્તાનના વિભાજનની પૃષ્ઠભૂમિ પર આધારિત છે.

અસરગર વજાહતે લખેલી 'જિસને લાહોર દેખા નહી, વહ જન્મા હી નહી' નાટકનું અનુવાદ પણ શરીફા વિજળીવાળાએ કરેલુ. આ અનુવાદ બદલ 2015માં રાષ્ટ્રિય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા એવોર્ડ પ્રદાન કરેલો હતો.
– ડો. રાજેશ કુમાર વ્યાસ (રાજસ્થાની)
– અનીસ સલીમ (English)
– શરીફા વિજળીવાળાની સાથે નિબંધમાં ડો. કોલાકાલારી એનોચને (તેલુગુ) સન્માનિત કરવામાં આવશે.

પુરસ્કારો, સાહિત્ય અકાદમી દ્વારા યોજવામાં આવતી લેટર્સની ઉજવણી દરમિયાન આગામી વર્ષે 29મી જાન્યુઆરીએ નવી દિલ્હી ખાતે આપવામાં આવશે.

### ❖ નાસા OSIRIS-REX મિશનનો પ્રારંભ 8 સપ્ટેમ્બર 2016ના રોજ થયો હતો, જે ઓકટોબર, 2018માં તેના લક્ષ્ય, પ્રાથમિક સુક્ષ્મગ્રહ બેનુ સુધી પહોંચી ગયુ છે.

OSIRIS-REX એટલે ઓરિÖન, સ્પેકટ્રલ ઈન્ટરપ્રિટેશન, રિસોર્સ આઈડેન્ટિફિકેશન, સિકયુરિટી રેગોલિથ એકસપ્લોરર છે.

**ઉદ્દેશ :** સુક્ષ્મગ્રહોને વધુ સારી રીતે સમજવા માટે તેમજ રેગોલિથના નમુનાને એકત્રિત કરવાનો છે.

નાસાના OSIRIS-REX પહેલા 2010માં જાપાનની સ્પેશ એજન્સી (JAXA) દ્વારા મોકલેલ હાયાબુઝા અવકાશયાન મારફતે માઈક્રોગ્રામ સામગ્રી લાવવામાં સફળ રહ્યું હતું.

### ❖ સર્વોચ્ચ અદાલત દ્વારા 'વિટનેસ પ્રોટેકશન યોજના'ને મંજુર કરવામાં આવી છે આ યોજના કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા સાક્ષીઓની સુરક્ષા માટે માંગણી કરનારી PILની પ્રતિક્રિયામાં છે.

આ યોજના સંસદની કલમ 141 અને કલમ 142 હેઠળ કાયદા દ્વારા બનશે.

સ્કીમ હેઠળ વર્ગીકૃત થયેલા સાક્ષીઓ સંબંધિત જિલ્લાના સક્ષમ સત્તાવાળા પાસે સુરક્ષા ઓર્ડર મેળવવા માટે અરÖ ફાઈલ કરી શકે છે.

આ સક્ષમ અધિકારીની અધ્યક્ષતા જિલ્લા અને સેશન્સ જજ દ્વારા કરવામાં આવશે. Öલ્લામાં પોલિસ વડા તેના સભ્ય અને જિલ્લાના કાર્યકારી સચિવ કાર્યવાહીમાં વડા બનશે.

### ❖ વડાપ્રધાનની અધ્યક્ષતા હેઠળની આર્થિક બાબતોના કેબિનેટ સમિતિએ પાવર ફાઈનાન્સ કોર્પોરેશનને રૂરલ ઈલેકટ્રીફિકેશન કોર્પોરેટમાં કુલ પેઈડ ઈકિવટી શેરહોલ્ડિંગમાં ભારતના હાલના 52.63% હિસ્સાના વ્યુહાત્મક વેચાણ માટે મંજુરી આપી છે.

**રૂરલ ઈકલેકટ્રીફિકેશન કોર્પોરેશન :**

REC એ નવરત્ન કંપની છે જે સમગ્ર ભારતમાં ગ્રામીણ ઈલેકટ્રીફિકેશનનું સંચાલન કરે છે. તે કેન્દ્ર/રાજય ક્ષેત્રની પાવર યુટિલીટીઝ, રાજય વિજળી બોર્ડ, ગ્રામીણ ઈલેકટ્રીક સહકારી, ખાનગી પાવર ડેવલપર્સને લોન આપે છે.

### ❖ મહારાષ્ટ્ર સરકારે વિશ્વ બેંકની મદદથી મહારાષ્ટ્ર એગ્રિબિઝનેસ એન્ડ રૂરલ ટ્રાન્સફોર્મેશન (SMART) યોજનાને શરૂ કરી.

**ઉદ્દેશ :** 1000 ગામોમાં સીમાંત ખેડુતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને, કૃષિ મૂલ્ય સાંકળોમાં સુધારો કરવો. કૃષિના કાપણીના ભાગોમાં વેલ્યુ–ચેઈનને ટેકો આપવા. કૃષિ વ્યવસાયના રોકાણને સરળ બનાવવા તે મહારાષ્ટ્રના એક ચતુર્થાંશ

ભાગને આવરી લેશે. તેનો ઉદ્દેશ એવા ગામો પર આધારીત છે જે આંતરમાળખાકિય અભાવ અને ખરાબ કૃષિ કટોકટી હેઠળ આવે છે.

❖ **તાજેતરમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ એ પોર્ટબ્લેર, આંદામાન–નિકોબાર આઈલેન્ડના દરિયાકિનારા પર 'કિલન–સી–2018' પ્રાદેશિક સ્તરના દરિયા તેલ પ્રદુષણ પ્રતિભાવ કસરતનું સંચાલન કર્યુ છે.**

આઈસીજીના જહાજો વિશ્વાસ, વિજિય, રાજવીર, રાજશ્રી અને હેલિકોપ્ટર ડોર્નિયર અને ચેતક એ ભાગ લીધો હતો.

આ એકસરસાઈઝ નેશનલ ઓઈલ સ્પિલ ડિઝાસ્ટર કન્ટિન્જન્સી દ્વારા તૈયાર કરાયો છે. જે મુંબઈ, ચેન્નાઈ અને પોર્ટ બ્લેરમાં પ્રદુષણ પ્રતિભાવ (રિસ્પોન્સ)ની સ્થાપના કરી છે.

❖ **કેબિનેટે પંજાબમાં રાવિ નદી પર શાહપુરકંડી ડેમ (રાષ્ટ્રિય યોજના)ના અમલીકરણને મંજુરી આપેલ છે.**

આ યોજનામાં નાણાભંડોળ નાબાર્ડ દ્વારા પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત આપવામાં આવશે.

પ્રોજેકટ પુરો થતા પંજાબ અને જમ્મુ–કશ્મીરમાં સિંચાઈની ક્ષમતામાં વધારો થશે.

**શાહપુરકંડી ડેમ પ્રોજેકટ :** પંજાબના પઠાણકોટ જિલ્લામાં રાવિ નદી પર સ્થિત થશે. આ પ્રોજેકટ શાહપુરકંડી બેરેજથી માધોપુર હેડવર્કના નહેર પર બાંધવામાં આવશે. જે 206 MW સુધીની વિજળી ઉત્પન્ન કરશે.

❖ **ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સની બીજી આવૃતિનું આયોજન 2019માં 2 થી 20 જાન્યુઆરી દરમિયાન પુણેમાં થશે. આ વખતે રમતમાં U-17 અને U-21 જેવી કેટેગરી જોવા મળશે.**

**ખેલો ઈન્ડિયા પ્રોગ્રામ :** તે ગ્રાસ–રૂટ લેવલ પર ભારતની રમતો સંસ્કૃતિને પુનર્જીવીત કરવા માટે રમતો અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા રજુ કરાઈ હતી.

જેના અંતર્ગત પ્રતિભાશાળી ખેલાડીને 8 વર્ષ માટે વાર્ષિક 5 લાખ સહાય આપવામાં આવે છે.

પ્રથમ આવૃતિ 2018માં દિલ્હી ખાતે ફેબ્રુઆરીમાં આયોજિત થઈ હતી.

❖ **વડાપ્રધાનની અધ્યક્ષતા હેઠળ કેન્દ્રિય મંત્રીમંડળએ કૃષિ નિકાસ નીતિ, 2018ને મંજુર કરી દીધી છે.**

આ નીતિ સાથે સરકાર 2022 સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાની નીતિમાં કૃષિ ઉત્પાદનોની નિકાસ મહત્વની ભૂમિકા ભજવશે. 2022 સુધીમાં 60 બિલિયન ડોલરની નિકાસનો લક્ષ્ય છે. કૃષિ નિકાસ નીતિ, વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કાર્ય કરશે.

❖ **કેનુર ખાતે એરપોર્ટ ઉદ્ઘાટન સાથે કેરળ 4 આંતરરાષ્ટ્રિય એરપોર્ટ ધરાવતુ પ્રથમ રાજય બની ગયુ.**

કેરલમાં આવેલા બીજા ત્રણ એરપોર્ટ : ત્રિવેન્દ્રમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ અને કાલીકટ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે.

કેનુર એરપોર્ટ જાહેર–ખાનગી ભાગીદારી મોડ પર બનેલ છે.

❖ **શી યોમી અરૂણાચલ પ્રદેશનો 23મો જિલ્લો બન્યો.**

ઓગસ્ટ, 2018માં અરૂણાચલ પ્રદેશ વિધાનસભાએ રાજયના ત્રણ નવા જિલ્લાઓ પાકકે–કેસાંગ, લેપારાડા અને શિ–યોમીના નિર્માણ માટે અરૂણાચલ પ્રદેશ જિલ્લાઓ (સુધારો) બિલ, 2018 પસાર કર્યો.

નવા જિલ્લા બનાવવાનો હેતુ મોટા ભૌગોલિક વિસ્તાર, અપ્રાપ્ય પ્રદેશો અને રાજયના દરેક ભાગમાં સમાન વિકાસ માટે સર્વમાન્ય વિકાસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

**અરૂણાચલ પ્રદેશ :**

- **સ્થાપના :** 20 Feb. 1987
- **સ્ટેટ કેપિટલ :** ઈટાનગર
- **મુખ્યમંત્રી :** પેમા ખંડુ
- **ગવર્નર :** બી. ડી. મિશ્રા
- **હાઈકોર્ટ :** ગુવાહાટી

❖ **વર્લ્ડ બેંક અનુસાર ભારતને 2018માં 80 અબજ ડોલરનો રેમિટન્સ મળશે. ભારત 2016 થી રેમિટન્સ મેળવવામાં પ્રથમ છે. ત્યારબાદ અનુક્રમે ચાઈના, મેકિસકો અને ઈજિપ્ત 2018માં રેમિટન્સ મેળવનાર દેશો છે.**

2017માં ભારતના GDPમાં 2.7% નો હિસ્સો રેમિટન્સનો હતો.

રેમિટન્સ એ નોન–ટેકસેબલ છે.

❖ **સરકાર ચાર તબિબિ ઉપકરણોને દવાઓ તરીકે સુચિત કરે છે.**

બ્લડપ્રેશર મોનિટર, નેબ્યુલાઈઝર, ડિજિટલ થર્મોમીટર અને ગ્લુકોમીટર

ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ (ડીસીજીઆઈ) જાન્યુઆરી, 2020 થી આ ઉપકરણોની આયાત, ઉત્પાદન અને વેચાણનું નિયમન કરશે.

આ બધા ઉપકરણોને મેડિકલ ડિવાઈસ રૂલ્સ, 2017 હેઠળ નિર્ધારીત ગુણવતા પરિણામો હેઠળ રજિસ્ટર્ડ થવુ પડશે.

હાલના ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા ડો. એસ. એસ્વારા રેડ્ડી છે.

❖ **રાજસ્થાનના જોધપુર ખાતે રશિયા અને ભારત વચ્ચે એવીઆઈદ્રા–18 એકસરસાઈઝની બીજુ સંસ્કરણ થયુ.**

આ એકસરસાઈઝ બે તબક્કામાં થઈ હતી. આ કસરતમાં વિદેશી પોતાની હવાઈ સંપતિ લાવતુ નથી.

ભારતની ભારતીય હવાઈદળ અને રશિયન ફેડરેશન એરોસ્પેસ ફોર્સ દ્વારા યોજાઈ છે.

એવીઆઈદ્રા એ બંને દેશોમાં વાર્ષિક (વર્ષમાં બે વાર) આયોજન થાય છે. જેની શરૂઆત 2014 થી થઈ છે. આ વર્ષનું પ્રથમ સંસ્કરણ સપ્ટેમ્બરમાં રશિયાના લિપેટસક ખાતે આયોજિત થયેલુ હતુ.

❖ **કેટ્રીઓના એલિસા, ફિલિપિન્સ મહિલા દ્વારા Miss Universe 2018 જીતવામાં આવ્યો છે.**

મિસ યુનિવર્સ 2018માં ભારત તરફથી નેહલ ચુડાસમાં ભાગ લીધો હતો. 2000માં લારા દતા પછી 18 વર્ષોમાં ભારત તરફથી આ ટાઈટલ જીતવામાં આવ્યુ નથી. મિસ યુનિવર્સ પિજન્ટની આ 67મી આવૃતિ થાઈલેન્ડના નોન્થાબુરી ખાતે આયોજિત થયેલ હતી.

❖ **ભારત–સરકાર દ્વારા Information Fusion Centre નું ઉદ્ઘાટન કરવામાં આવશે.**

**ઉદ્દેશ :** દરિયાઈ સુરક્ષા વધારવી અને હિંદ મહાસાગર ક્ષેત્રનો માહિતીની આપ–લે કરવી IFC ની મદદથી (White Shipping) વાણિજય જહાજની આપ–લે સરળ થઈ રહશે.

**IFC - IOR :** IFC એ નેવીના Information Management And Analysis Centre (IMAC) અંતર્ગત કાર્યરત થશે.

**હેડક્વાર્ટર :** ગુરૂગ્રામ (હરીયાણા)

❖ **ઈન્ડોનેશિયાનો Mt. Soputan માં જવાળામુખી પ્રસ્ફોટન જોવા મળ્યું હતું.**

Mt. Soputan ઈન્ડોનેશિયાના ઉત્તરી સુલાવાસીમાં આવેલ છે. Ring of Fireમાં આવેલ ઈન્ડોનેશિયામાં 129 જેટલા સક્રિય જવાળામુખી આવેલા છે.

ઈન્ડોનેશિયામાં આવેલ બીજા સક્રિય જવાળામુખી પૈકી કેલુડી અને મેરાપી જાવા ટાપુ પર જોવા મળે છે.

❖ **નિતી–આયોગ દ્વારા Woman transforming india awardની 3O આવૃતિનો સમારોહ ન્યુ દિલ્હી ખાતે કરવામાં આવ્યો. જેમાં ઉપરાષ્ટ્રપતિ દ્વારા Women entrepreneurship platform ના વેબ પોર્ટલનું અપગ્રેટ Version લોન્ચ કરવામાં આવ્યું. www.wep.gov.in**

❖ **કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી ઉજજવલા યોજનાને દેશના તમામ ગરીબો સુધી વધારવાનો નિર્ણય લીધો છે.**

આ યોજના હેઠળ દેશના 80 મિલિયન પરિવારને 2020 સુધીમાં ફ્રિ રાંધણગેસ પુરુ પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.
પ્રધાનમંત્રી ઉજવલા યોજનાની શરૂઆત મે–2016માં કરવામાં આવી હતી.
**પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના (PMUV) :**

- **ઉદ્દેશ :** સ્વચ્છ રસોઈ ઈંધણ એલપીO દ્વારા તેમને મહિલા અને બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા કરવાનો છે જેથી તેઓએ રસોઈઘરમાં ધૂમાડાથી તેમના સ્વાસ્થ્ય સાથે સમાધાન ન કરવું પડે.
- **ઉદઘાટન :** યોજનાનો પ્રારંભ 1 મે, 2016ના રોજ ઉત્તરપ્રદેશના બાલિયામાં માનનીય શ્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.
- **લાભાર્થી :** સરકારે આ યોજના હેઠળ એસ.સી./એસ.ટી. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), અંત્યોદય અન્ન યોજના, વન રહેવાસીઓ, મોટા ભાગના પછાત વર્ગ, નદી ટાપુ પર રહેતા લોકોને આવરી લેવામાં આવ્યા છે.

❖ **તાજેતરમાં મેરીયમ–વેબસ્ટરે 'Justice'ને 2018ની વર્ડ ઓફ ધ યર તરીકે જાહેર કર્યું છે. 2017માં 'ફેમિનિઝમ' (નારીવાદ) શબ્દને વર્ડ ઓફ ધ યર તરીકે જાહેર કર્યું હતું.**

મેરીયમ–વેબસ્ટર એ અમેરિકાની અગ્રણી અને ભાષા માહિતીની સૌથી વિશ્વસનીય પ્રદાતા લાઈબ્રેરી છે.

❖ **રશિયાએ વિશ્વનું પ્રથમ તરતુ ન્યુકિલયર પ્લાન્ટ 'એકેડમિક લોમોનોસોવ' કાર્યરત.**

એકેડમિક લોમોનોસોવ રશિયન પરમાણુ શકિત કંપની રોસાટોમ દ્વારા બનાવવામાં આવ્યું છે. વીજ ઉત્પાદન માટે તેને KLT-40 નૌકા પ્રોપલ્શન ન્યુકિલયર રિએકટર સાથે ફીટ કરવામાં આવી છે. જે સાથે મળીને 70 MW વિજળીનું ઉત્પાદન અને 300 MW ગરમીનું ઉત્પાદન કરશે.
પર્યાવરણવાદીઓ તેને 'પરમાણુ ટાઈટેનિક' અથવા 'બરફ પર ચર્નોબિલ' તરીકે ઓળખાવે છે.

❖ **ભારતની પ્રથમ રેલ્વે યુર્નિવસિટી વડોદરામાં આકાર પામશે.**

વિશ્વમાં રશિયા અને ચાઈના પછી ભારત વિશ્વનો ત્રીજો દેશ બનશે જે રેલ્વે યુર્નિવસિટી ધરાવશે.
રેલ્વે બોર્ડના અધ્યક્ષ – અશોક લોહાની આ યુર્નિવસિટીના વાઈસ ચાન્સેલર બનશે.
રેલ્વે મંત્રી દ્વારા યુર્નિવસિટીના નિર્માણ અને પાંચ વર્ષના કરીકયુલમ વિકાસ માટે 421 કરોડ મંજુર કર્યા.

વડોદરાના વાઘોડીયા તાલુકાના પિપળીયા ગામમાં 110 એકર પર NRTI વિકાસ પામશે.

❖ **બંગાળની ખાડીમાંથી ઉદ્દભવેલ ફેથાઈ નામનું વાવાઝોડુ 2018 ના વર્ષનું સાગર, મેકનુ, લુબેન, ટિટલી અને ગાઝા બાદ છઠ્ઠો ચક્રવાત હતું.**

| | | |
|---|---|---|
| સાગર – ભારત | તિતલી – પાકિસ્તાન | મેકુનુ – માલદિવ્સ |
| ગાઝા – શ્રીલંકા | લુબેન – ઓમાન | ફેથાઈ – થાઈલેન્ડ |

હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામકરણની શરૂઆત 2000માં થઈ આ પ્રદેશોમાં બાંગ્લાદેશ, ભારત, માલદિવ્સ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ નામ આપે છે.

❖ **જમ્મુ–કશ્મીરમાં હાઈ–અલ્ટિટયુડ મેડિસીનલ પ્લાન્ટ સંસ્થાનો શિલાન્યાસ કરવામાં આવ્યો.**

જમ્મુ–કશ્મીરના દોડા જિલ્લામાં ભાદેવાહમાં સંસ્થા નિર્માણ પામશે.

❖ **તમિલનાડુમાં આકાર પામત થુથુકડી સ્ટેરલાઈટ પ્લાન્ટ ભારતનો સૌથી મોટો કોપર સ્મેલ્ટર પ્લાન્ટ છે.**

વેદાંત ગ્રુપ દ્વારા સંચાલન કરવામાં આવે છે. થુથુકડી પ્લાન્ટ લાંબાં સમયથી પર્યાવરણને દુષિત કરવા તેમજ આરોગ્ય સમસ્યાઓના અનેક પરિબળોને કારણે લાંબાં સમયથી વિરોધ કરવામાં આવ્યો હતો.

15મી ડિસેમ્બર, 2018ના રોજ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા પ્લાન્ટને કાયમી ધોરણે બંધ કરવા માટે મે–2018ના રાજય સરકારના આદેશને બરતરફ કર્યો હતો.

❖ **દિલ્હી હાઈકોર્ટ દ્વારા ઓનલાઈન દવાના વેચાણ પર પ્રતિબંધ મુકયો.**

ડ્રગ્સ અને કોસ્મેટીકસ એકટ, 1940 અને ફાર્મસી એકટ, 1948 અનુસાર દવાઓની ઓનલાઈન વેચાણની પરવાનગી નથી.

❖ **સરકાર નેશનલ મેડિકલ ડિવાઈસ પ્રમોશન કાઉન્સિલની સ્થાપના કરશે. તેની અધ્યક્ષતા ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગના સચિવશ્રી દ્વારા કરવામાં આવશે. આંધ્રપ્રદેશ મેડટેક ઝોન દ્વારા ટેકનિકલ સહાય પ્રાપ્ત થશે.**

DIPP ના સચિવ : રમેશ અભિષેક

❖ **ભારત–સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક એ અસમમાં બ્રહ્મપુત્ર નદી સાથે નવીનીકરણ, સુરક્ષા અને પૂર જોખમ સંચાલન પ્રવૃત્તિઓ માટેના ફાઈનાન્સિંગ પ્રોજેકટ માટે $60 મિલિયનનું લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે.**

લંડન ઈન્ટરબેંક ઓફર રેટ અને પ્રતિ વર્ષ 0.15% પ્રતિબધ્ધતાના આધારે એડીબી દ્વારા વ્યાજદર નિર્ધારીત કરવામાં આવ્યું છે.

બ્રહ્મપુત્રા નદી : માનસરોવરમાંથી નદીનું ઉદ્દગમસ્થાન છે. તિબેટમાં 'ત્સાંગપો' નામથી ઓળખાય છે. ભારત, ચાઈના, બાંગ્લાદેશમાંથી વહે છે.

❖ **કંમ્પ્રટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ) રાOવ મહર્ષિને યુએનની ઓડિટર્સ પેનલના ઉપાધ્યક્ષ તરીકે ચુંટવામાં આવ્યા.**

આ બેઠકમાં સંયુકત રાષ્ટ્ર અને તેની બધી જ એજન્સીના હિસાબની તપાસણી કરવામાં આવે છે.

2018ની આ બેઠકનું આયોજન ન્યુયોર્ક ખાતે કરવામાં આવ્યું હતું અને 2019ની બેઠક જર્મનીના બોન શહેરમાં કરવામાં આવશે.

❖ **તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગાંધીનગર ખાતે કઝાખસ્તાનના વાણિજય દૂતાવાસ (કોન્સ્યુલેટ કચેરી)નો શુભારંભ કરાવ્યો છે.**

❖ **ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસંપર્ક અધિકારી તથા નિવૃત્ત અધિક માહિતી નિયામક શ્રી જગદીશ ઠક્કરનું તાજેતરમાં નવી દિલ્હી ખાતે નિધન થયું છે.**

શ્રી જગદીશ ઠક્કરે ગુજરાત તથા ભારત સરકારના અધિકારી તરીકે વર્ષો સુધી સરકાર અને મીડિયા જગત વચ્ચે સેતુરૂપ ભૂમિકા નીભાવી હતી અને સરકારની પ્રજાકલ્યાણ બાબતો મીડિયા સમક્ષ પહોંચાડી હતી.

❖ **ભારતમાં 'આયુષ્માન ભારત' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.**

તાજેતરમાં નવી દિલ્હી ખાતેના આયુષ્માન ભારતના CEO શ્રી ઈન્દુભૂષણ દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

❖ **8 ડિસેમ્બર, 2018ના રોજ ચીનના સાન્યા ખાતે મિસ વર્લ્ડ સ્પર્ધાનું આયોજન થયું હતું.**

મિસ વર્લ્ડની આ 68મી સ્પર્ધા હતી. આ સ્પર્ધામાં મેક્સિકોની વનીસા પોન્સ ડી લીયોને મિસ વર્લ્ડ 2018નો તાજ જીતી લીધો છે. મિસ વર્લ્ડ 2017 ભારતની માનુષી છિલ્લરે વનીસા પોન્સ ડી લીયોનને મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.

ભારત તરફથી અનુકૃતિ વાસે ભાગ લીધો હતો. જોકે, તેમને સફળતા મળી ન હતી. 'મિસ વર્લ્ડ' સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની રનિંગ આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા છે. શ્રી એરિક મોર્લીએ 1951માં બ્રિટનમાં તેનો પ્રારંભ કર્યો હતો. 'મિસ વર્લ્ડ' સ્પર્ધાનો મોટો 'Beauty with Purpose' છે.

❖ **અમેરિકી અવકાશ સંસ્થા નાસા દ્વારા તાજેતરમાં લોન્ચ થયેલા ઈનસાઈટ લેન્ડર નામના અવકાશયાને મંગળ ગ્રહમાં હવાનો અવાજ રેકોર્ડ કર્યો છે.**

નાસા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ઈનસાઈડ લેન્ડરે મંગળ ગ્રહ પર 10 થી 15 માઈલ પ્રતિકલાકની ઝડપથી ચાલી રહેલ હવા નોંધી છે. ઈનસાઈટ યાનના ભૂકંપમાપક યંત્ર (સિસ્મોગ્રાફ)માં આ અવાજ નોંધાયો છે.

❖ **તાજેતરમાં ચીન દ્વારા ચંદ્રયાન ચાંગ ઈ–4નું સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું છે.**

આ સાથે જ ચીન ચંદ્રની બીજી બાજુની સપાટી (અંધારિયા ભાગ) પર અવકાશયાન મોકલનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ચીનના સિચુઆન પ્રાંતના શિયાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટર પરથી આ અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું છે. આ અવકાશ યાન લોન્ચ કરવા માટે લોંગ માર્ચ 3B (Long March 3B) નામના રોકેટનો ઉપયોગ થયો હતો.

ચીનની પૌરાણિક કથાઓના દેવી ચંદ્રમાના નામ પરથી આ મિશનનું નામ ચાંગ–ઈ 4 રાખવામાં આવ્યું છે.

❖ **તાજેતરમાં 11 થી 23 ડિસેમ્બર, 2018 દરમિયાન ભારત અને ચીનની સેનાઓ વચ્ચે ચીનના ચેંગડુ ખાતે એક સંયુકત યુદ્ધ અભ્યાસનું આયોજન થયું છે.**

આ યુદ્ધ અભ્યાસને 'હેન્ડ ઈન હેન્ડ 2018' નામ આપવામાં આવ્યું છે. આ યુદ્ધ અભ્યાસનો મુખ્ય હેતુ બંને દેશોના સૈન્ય વચ્ચે ગાઢ સંબંધ વધારવાનો છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારમાં રાજય કક્ષાના માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી ઉપેન્દ્ર કુશવાહાએ પોતાના મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે.**

શ્રી ઉપેન્દ્ર કુશવાહા બિહારની રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી (RLSP)ના અધ્યક્ષ છે. વર્ષ 2014માં તેઓ બિહારની કારાકાટ લોકસભા સીટ પરથી RLSPના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

❖ **તાજેતરમાં બ્રિટનમાં લંડનની વેસ્ટમિન્સ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટે વિજય માલ્યાના પ્રત્યાર્પણની મંજૂરી આપી દીધી છે.**

જોકે, વિજય માલ્યા બ્રિટનની નીચલી અદાવતના પ્રત્યાર્પણના આદેશને બ્રિટનની હાઈકોર્ટમાં પડકારી શકે છે. વિજય માલ્યા પર ભારતીય બેન્કોના રૂા.9000 કરોડ જાણી જોઈને પરત ન ચૂકવવાનો આરોપી છે. વિજય માલ્યાને 'પ્રિવેન્શન ઓફ મનીલોન્ડરિંગ એક્ટ' હેઠળ ભાગેડુ જાહેર કરાયા છે.

❖ **તાજેતરમાં પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી, ઈતિહાસકાર અને જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શ્રી મુશીરુલ હસનનું નિધન થયું છે.**

તેઓ વર્ષ 2004 થી 2009 સુધી જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના કુલપતિ હતા. તેમણે ભારત વિભાજન અને દક્ષિણ એશિયામાં ઈસ્લામના ઈતિહાસ વિશે ખૂબ જ મહત્વની કામગીરી કરી હતી. તેઓ વર્ષ 2010માં National Archives of India ના ડિરેકટર પણ રહ્યા હતા. તેમને વર્ષ 2007માં પદ્મ શ્રી પુરસ્કાર એનાયત થયો હતો.

❖ **10 ડિસેમ્બર, 2018ના રોજ ભારતે અગ્નિ–5 મિસાઈલનું સાતમુ સફળ પરીક્ષણ કર્યું છે.**

ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈલેન્ડ) ખાતે આવેલા ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- અગ્નિ–5 એ ભારતની સંપૂર્ણપણે સ્વદેશી બનાવટની પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ છે.
- તેની પ્રહાર ક્ષમતા આશરે 5,000 (અથવા 5000 થી 8000) કિ.મી. સુધીની છે.
- તેની વહનક્ષમતા 1500 કિલોગ્રામ સુધીની છે.
- તે જમીનથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- અગ્નિ–5 એ ભારતની સ્વદેશી બનાવટની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે.
- આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- તેનું મેન્યુફેકચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થાય છે.

અગ્નિ–5નું પ્રથમ પરીક્ષણ (અથવા તો પ્રથમ સફળ પરીક્ષણ) 19 એપ્રિલ, 2012ના રોજ કરવામાં આવ્યું હતું. DRDOના તત્કાલીન વડા શ્રી વી. કે. સારસ્વતે આપેલી માહિતી અનુસાર અગ્નિ–5ની રેન્જ (અથવા તો પ્રહાર ક્ષમતા) 5,500 થી 5,800 કિમી સુધીની છે. DRDOનું પૂરું નામ 'ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે.

❖ **પ્રસિદ્ધ આંતરરાષ્ટ્રીય મેગેઝિન ટાઈમ દ્વારા 'ટાઈમ પર્સન ઓફ ધ યર 2018' માટે એવા પત્રકારોની પસંદગી કરવામાં આવી છે કે જેમણે તેમના રિપોર્ટિંગ માટે હિંસા અથવા તો જેલનો સામનો કરવો પડયો હોય કે પછી તેમની હત્યા કરવામાં આવી હોય. આ પત્રકારોમાં સાઉદી પત્રકાર શ્રી જમાલ ખાગોશીની પણ પસંદગી કરવામાં આવી છે.**

સાઉદી પત્રકાર શ્રી જમાલ ખાગોશી અમેરિકાના નાગરિક હતા. ટાઈમ મેગેઝિન દ્વારા 'પર્સન ઓફ ધ યર 2018' માટે શ્રી જમાલ ખાગોશી ઉપરાંત શ્રીમતી મારિયા રેસા, શ્રી વા લોન અને શ્રી કવાઈ સોઈ ઓ જેવા અનેક પત્રકાર ઉપરાંત 'કેપિટલ ગેઝેટ' નામના એક અખબારની પણ પસંદગી કરવામાં આવી છે.

### ❖ કર્ણાટકનું કૈગા પાવર સ્ટેશન–1 એ સતત 941 દિવસ સુધી ચાલીને નિર્વિઘ્ને સૌથી લાંબો સમય ચાલવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે.

આ રેકોર્ડ અગાઉ ઈંગ્લેન્ડના એક પાવર સ્ટેશનના નામે હતો જે સતત 940 દિવસ સુધી ચાલુ રહ્યું હતું.

### ❖ ICC દ્વારા ગેરકાયદે બોલિંગ એક્શન બદલ શ્રીલંકાના સ્પિનર શ્રી અકિલા દનંજયા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ICCનું પૂરું નામ 'International Cricket Council' છે.

**મુખ્યાલય :** દુબઈ

### ❖ 11 ડિસેમ્બર, 2018ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના નવા ગવર્નર તરીકે શ્રી શક્તિકાંતા દાસની નિમણૂક કરવામાં આવી છે.

તેઓ RBIના 25મા ગવર્નર બન્યા છે. RBIના ગવર્નર તરીકે શ્રી શક્તિકાંતા દાસે શ્રી ઉર્જિત પટેલનું સ્થાન લીધું છે. RBIના ગવર્નર તરીકે શ્રી શક્તિકાંતા દાસનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે. તેઓ ભારતમાં 15મા નાણાપંચના સભ્ય હતા. તાજેતરમાં આર્જેન્ટિનાના બ્યુનોસ એર્સ ખાતે યોજાયેલ G-20 સમિટમાં શ્રી શક્તિકાંતા દાસને ભારતના શેરપા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

31 ઓગસ્ટ, 2015 થી 28 મે, 2018 દરમિયાન તેઓ ભારત સરકારના આર્થિક બાબતોના વિભાગના સચિવ હતા. ભારતમાં નોટબંધી દરમિયાન તેમણે મહત્વની ભૂમિકા નીભાવી હતી.

**RBIના ગવર્નર અને તેમની વિશેષતા**

| ક્રમ | નામ | સમય | વિશેષતા |
|---|---|---|---|
| 1st | શ્રી ઓસબોર્ન સ્મિથ | 1935-37 | RBIના પ્રથમ ગવર્નર |
| 3rd | શ્રી સી.ડી.દેશમુખ | 1943-49 | RBIના પ્રથમ ભારતીય ગવર્નર |
| 4th | શ્રી બેનેગલ રામા રાવ | 1949-57 | સૌથી લાંબા સમય સુધી (2754 દિવસ) RBIના ગવર્નર |
| 14th | શ્રી આઈ.G. (ઈન્દ્રપ્રસાદ ગોધરનભાઈ) પટેલ | 1977-82 | સૌથી લાંબા સમય સુધી (2754 દિવસ) RBIના ગવર્નર |
| 15th | ડો. મનમોહનસિંહ | 1982-85 | ભારતના વડાપ્રધાન બનનાર RBI ગવર્નર |
| 16th | શ્રી અમિતાવ ઘોષ | 1985 | સૌથી ઓછા સમય સુધી (20 દિવસ) RBI ગવર્નર |
| 23rd | શ્રી રઘુરામ રાજન | 2013-16 | શ્રી ઉર્જિત પટેલ અગાઉ RBI ગવર્નર |
| 24th | શ્રી ઉર્જિત પટેલ | 2016-18 | બીજા ગુજરાતી RBI ગવર્નર |
| 25th | શ્રી શક્તિકાંતા દાસ | 2018 | RBIના વર્તમાન ગવર્નર (21 ડિસેમ્બર 2018ની સ્થિતિએ) |

RBIના પ્રથમ ભારતીય ગવર્નર શ્રી સી. ડી. (ચિંતામણ દ્વારકાનાથ) દેશમુખને અંગ્રેજો દ્વારા 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

### ❖ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે.

RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી. રિઝર્વ બેંકની સ્થાપના 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત કરવામાં આવી હતી. ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્વનું યોગદાન છે. ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.

આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી. RBIનુ વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે. RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.

**RBIના વર્તમાન ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નર (12 ડિસેમ્બર, 2018ની સ્થિતિએ)**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી શક્તિકાંતા દાસ | ગવર્નર |
| 2 | શ્રી બી. પી. કાનુન્ગો | ડેપ્યુટી ગવર્નર |
| 3 | શ્રી એન. એસ. વિશ્વનાથન | ડેપ્યુટી ગવર્નર |
| 4 | શ્રી વિરલ આચાર્ય | ડેપ્યુટી ગવર્નર |
| 5 | શ્રી મહેશકુમાર જૈન | ડેપ્યુટી ગવર્નર |

### ❖ RBI Actના ભાગ 7(1)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, "કેન્દ્ર સરકાર RBIના ગવર્નર સાથે ચર્ચા–વિચારણા કરીને સમયાંતરે RBIને લોકહિત માટે આવશ્યક વિશિષ્ટ દિશા–નિર્દેશ આપી શકે છે."

આ ઉપરાંત RBI Actના ભાગ 7ના એક અન્ય ઉપભાગમાં એવી પણ જોગવાઈ છે કે, "ભારત સરકાર ઈચ્છે તો RBIનો વહીવટ 'Central Board of Directors'ને સોંપી શકે છે. અને આ બોર્ડ બેંક દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરી શકે છે. તથા બેંકની બધી શક્તિઓનો પ્રયોગ કરી શકે છે.

### ❖ લકઝમબર્ગે વર્ષ 2019ના ઉનાળાથી પબ્લિક ટ્રાન્સપોર્ટ મફત કરવાની જાહેરાત કરી છે.

આ સાથે લકઝમબર્ગ પબ્લિક ટ્રાન્સપોર્ટ મફત કરનાર વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. આ નિર્ણયના અમલ બાદ લકઝમબર્ગમાં બસ, ટ્રેન કે ટ્રામમાં મુસાફરી માટે કોઈ જ ભાડું ચૂકવવું નહીં પડે. લકઝમબર્ગમાં ટ્રાફિકની વધતી સમસ્યા તથા પર્યાવરણને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

- લકઝમબર્ગની રાજધાનીનું નામ લકઝમબર્ગ સિટી છે.
- લકઝમબર્ગનું ચલણ યુરો છે.

### ❖ ITTF એ આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસની સર્વોચ્ચ સંસ્થા છે.

તાજેતરમાં યોજાયેલા ITTFના વાર્ષિક એવોર્ડ સમારંભમાં ભારતના યુવા મહિલા ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાને 'બ્રેકથ્રૂ ટેબલ ટેનિસ સ્ટાર'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સાથે જ મનિકા બત્રા ITTFના વાર્ષિક સમારંભમાં એવોર્ડ જીતનાર સૌપ્રથમ ભારતીય ખેલાડી બની ગયા છે.

- ITTFનું પૂરું નામ "International Table Tennis Federation" છે.
- મનિકા બત્રા દિલ્હીના ટેબલ ટેનિસ ખેલાડી છે.
- તેમનો જન્મ 15 જૂન, 1995ના રોજ નવી દિલ્હી ખાતે થયો હતો.
- મનિકા બત્રાએ 2018ની કોમનવેલ્થ ગેમ્સમાં બે ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

### ❖ ભારતની પંજાબ નેશનલ બેંક (PNB)ના આશરે રૂ.13,000 કરોડના કૌભાંડના આરોપી હીરાના વેપારી મેહુલ ચોકસી સામે તાજેતરમાં ઈન્ટરપોલે રેડકોર્નર નોટિસ જાહેર કરી છે.

રેડકોર્નર નોટિસ એક પ્રકારે ભાગેડુ ગુનેગારો માટેનું ધરપકડ વોરન્ટ હોય છે. જેમાં ઈન્ટરપોલ પોતાના સભ્ય દેશોને આરોપીને પકડવા અને તેને અટકમાં લેવાની વિનંતી કરે છે.

### ❖ ઈન્ટરપોલ એ એક આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ પોલીસ સંસ્થા છે. જે વિવિધ દેશોની પોલીસ વચ્ચે સહયોગ સાધીને આંતરરાષ્ટ્રીય ગુનેગારોને પકડે છે.

ઈન્ટરપોલનું પૂરું નામ 'International Criminal Police Organization - Interpol (ICPO - INTERPOL)' છે. તેને સામાન્ય

રીતે INTERPOL તરીકે ઓળખવામાં આવે છે. ઈન્ટરપોલની સ્થાપના 1923માં થઈ હતી. વિશ્વના 181 દેશો ઈન્ટરપોલના સભ્ય છે.

ઈન્ટરપોલનો મોટો "Connecting Police for a Safer World" છે. સાઉથ કોરિયાના પોલીસ ઓફિસર શ્રી કિમ જોંગ યાંગ (Kim Jong Yang) તાજેતરમાં ઈન્ટરપોલના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે. મેહુલ ચોકસી જાન્યુઆરી 2018માં ભારતમાંથી ભાગી ગયા હતા અને તેમણે એન્ટીગુઆની નાગરિકતા લઈ લીધી હતી.

## ❖ તાજેતરમાં પ્રસિદ્ધ અંગ્રેજી લેખક શ્રી અમિતાવ ઘોષને વર્ષ 2018નો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો છે.

શ્રી અમિતાવ ઘોષ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સૌપ્રથમ અંગ્રેજી લેખક છે. આ અગાઉ અંગ્રેજી ભાષાના લેખકોને ક્યારેય જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો નથી. શ્રી અમિતાવ ઘોષને 54મો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો છે. શ્રી અમિતાવ ઘોષ તેમની ઐતિહાસિક નવલકથાઓ ખૂબ જ પ્રસિદ્ધ છે.

તેમણે સૌપ્રથમ 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં પત્રકાર તરીકે તેમની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેમના પ્રસિદ્ધ પુસ્તકોમાં The Shadow Lines, The Glass Palace, Sea of Poppies, River of Smokeનો સમાવેશ થાય છે. તેમના પ્રથમ પુસ્તક અથવા તો પ્રથમ નવલકથાનું નામ 'The Circle of Reason' છે.

શ્રી અમિતાવ ઘોષને The Shadow Lines માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો છે. શ્રી અમિતાવ ઘોષને એનાયત થયેલા પુરસ્કારોમાં (1) જ્ઞાનપીઠ એવોર્ડ (2) સાહિત્ય અકાદમી પુરસ્કાર (3) અનડા પુરસ્કાર (4) ડેન ડેવિડ પ્રાઈઝ અને (5) પદ્મ શ્રી (2007)નો સમાવેશ થાય છે.

જ્ઞાનપીઠ એવોર્ડ એ સાહિત્ય ક્ષેત્રનો દેશનો સર્વોચ્ચ એવોર્ડ છે. ઈ.સ. 1965થી 'ભારતીય જ્ઞાનપીઠ' દ્વારા આ એવોર્ડ દર વર્ષે ભારતની વિવિધ માન્ય પ્રાદેશિક રાજ્ય ભાષાઓમાંથી કોઈ એક ભાષાના સાહિત્યકારને સાહિત્યસર્જન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવે છે.

ઉદ્યોગપતિ શ્રી શાંતિપ્રસાદ જૈનના સ્મરણાર્થે જૈન સાહુ પરિવાર તરફથી આ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડમાં 11 લાખ રૂપિયા ધનરાશિ તથા સરસ્વતીની કાંસાની પ્રતિમા અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

સૌપ્રથમ ઈ.સ. 1965માં મલયાલમ કાવ્યસંગ્રહ 'ઓડક કુઝલ' (વાંસળી) માટે શ્રી જી. શંકર કુરૂપને આ એવોર્ડ એનાયત થયો હતો. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સૌપ્રથમ મહિલા શ્રીમતી આશાપૂર્ણા દેવી છે.

**જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુજરાતી સાહિત્યકારો**

| ક્રમ | સાહિત્યકાર | વર્ષ | કઈ કૃતિ માટે ? |
|---|---|---|---|
| 1 | ઉમાશંકર જોષી | 1967 | નિશીથ (કાવ્યસંગ્રહ) |
| 2 | પન્નાલાલ પટેલ | 1985 | માનવીની ભવાઈ (નવલકથા) |
| 3 | રાજેન્દ્ર શાહ | 2001 | ધ્વનિ (કાવ્યસંગ્રહ) તથા સમગ્ર સર્જન બદલ |
| 4 | રઘુવીર ચૌધરી | 2015 | અમૃતા (નવલકથા) |

## ❖ તાજેતરમાં નવેમ્બર–ડિસેમ્બર 2018 દરમિયાન ભારતના પાંચ રાજ્યોમાં વિધાનસભાચૂંટણીનું આયોજન થયું હતું.

આ પાંચ રાજ્યોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમ અને તેલંગણાનો સમાવેશ થાય છે. આ પાંચ રાજ્યોમાંથી નકસલવાદ સંબંધિત સુરક્ષા કારણોને લીધ છત્તીસગઢમાં બે તબક્કામાં મતદાન થયું હતું.

**પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી**

| ક્રમ | રાજ્ય | મતદાનની તારીખ | કુલ બેઠકો | ચૂંટણી અગાઉના મુખ્યમંત્રી |
|---|---|---|---|---|
| 1 | રાજસ્થાન | 7 ડિસેમ્બર, 2018 | 200 | શ્રીમતી વસુંધરા રાજે સિંધિયા (ભાજપ) |
| 2 | મધ્યપ્રદેશ | 28 નવેમ્બર, 2018 | 230+1=231 | શ્રી શિવરાજસિંહ ચૌહાણ (ભાજપ) |
| 3 | છત્તીસગઢ | 12 અને 20 નવેમ્બર, 2018 | 90+1=91 | શ્રી રમણસિંઘ (ભાજપ) |
| 4 | મિઝોરમ | 28 નવેમ્બર, 2018 | 40 | શ્રી લાલ થાન્હાવ્લા (કોંગ્રેસ) |
| 5 | તેલંગણા | 7 ડિસેમ્બર, 2018 | 119+1=120 | શ્રી કે.ચંદ્રશેખર રાવ (તેલંગણા રાષ્ટ્ર સમિતિ– TRS) |

**પાંચ રાજ્યોમાં નવા મુખ્યમંત્રી**

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | પક્ષનું નામ | કેટલામા/ કેટલામી વખત મુખ્યમંત્રી |
|---|---|---|---|---|
| 1 | રાજસ્થાન | શ્રી અશોક ગહેલોત | કોંગ્રેસ | ત્રીજી વખત મુખ્યમંત્રી |
| 2 | મધ્યપ્રદેશ | શ્રી કમલનાથ | કોંગ્રેસ | 18મા મુખ્યમંત્રી |
| 3 | છત્તીસગઢ | શ્રી ભૂપેશ બઘેલ | કોંગ્રેસ | ત્રીજા મુખ્યમંત્રી |
| 4 | મિઝોરમ | શ્રી ઝોરામથંગા | મિઝો નેશનલ ફ્રન્ટ (MNF) | બીજી વખત મુખ્યમંત્રી |
| 5 | તેલંગણા | શ્રી કે. ચંદ્રશેખર રાવ | તેલંગણા રાષ્ટ્ર સમિતિ (TRS) | બીજી વખત મુખ્યમંત્રી |

આ પાંચ રાજ્યોમાંથી રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસના શ્રી સચિન પાયલોટની નિમણૂક કરવામાં આવી છે. શ્રી સચિન પાયલોટ રાજસ્થાનના પાંચમા નાયબ મુખ્યમંત્રી બન્યા છે.

## ❖ શપથવિધિ દરમિયાન રાજ્યપાલ મુખ્યમંત્રી અને મંત્રીશ્રીઓને બંધારણના ત્રીજા પરિશિષ્ટ અનુસાર હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવે છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ 163(3) મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે. આ શપથ 'ઈશ્વર'ના નામે લેવામાં આવે છે.

ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર વિધાનસભાની તમામ બેઠકોમાંથી વધુમાં વધુ 15 ટકા મંત્રીઓને મંત્રીમંડળમાં સ્થાન આપી શકાય છે. ભારતીય બંધારણના અનુચ્છેદ–163 અનુસાર રાજ્યને મદદ કરવા તથા સલાહ આપવા માટે મંત્રી પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ–163 અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે. ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

## ❖ ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (EVM)

- ભારતમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો પ્રથમ ઉપયોગ વર્ષ 1998માં દિલ્હી, રાજસ્થાન તથા મધ્યપ્રદેશની 16 વિધાનસભા બેઠકો માટે કરવામાં આવ્યો હતો.
- પરંતુ, ગોવા એવું પ્રથમ રાજ્ય હતું કે જ્યાં વર્ષ 1999ની વિધાનસભાની ચૂંટણીમાં બધી જ વિધાનસભા ક્ષેત્રોમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન દ્વારા મતદાન કરવામાં આવેલ હતું.
- EVM 6 વોલ્ટની એલ્કેલાઈન બેટરી પર કામ કરે છે, આથી જ્યાં વીજળી ન હોય તેવા ક્ષેત્રોમાં પણ આનો પ્રયોગ આસાનીથી કરી શકાય છે.
- એક EVM મશીન વધુમાં વધુ 16 ઉમેદવાર માટે એક સાથે મતદાન રેકોર્ડ રાખી શકે છે તથા એક સાથે વધુમાં વધુ 64 ઉમેદવારો માટે કુલ 4 EVMનો પ્રયોગ કરી શકાય છે.

- જો કોઈ પણ ચૂંટણીક્ષેત્રમાં 64 થી વધુ ઉમેદવારો હોય તો ત્યાં EVMની જગ્યાએ મતપત્રોની મદદથી મતદાન કરાવવું પડે છે.
- શ્રી દિનેશ ગોસ્વામી સમિતિએ ચૂંટણીમાં EVMનો પ્રયોગ કરવાની ભલામણ કરી હતી.

### ❖ VVPAT

- સૌપ્રથમ ગોવા (2017) અને હિમાચલ પ્રદેશ બાદ ગુજરાત ત્રીજું એવું રાજય છે કે જયાં સંપૂર્ણ રાજયમાં મતદાન દરમિયાન વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય.
- વીવીપેટ (VVPAT)નું પૂરું નામ 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ' છે.
- ભારતમાં સૌપ્રથમ સપ્ટેમ્બર, 2013માં નાગાલેન્ડના નાકસેન વિધાનસભા મતક્ષેત્રમાં વીવીપેટનો ઉપયોગ થયો હતો.
- ત્યારબાદ વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાતના ગાંધીનગર સહિત દેશના કુલ 8 લોકસભા ક્ષેત્રોમાં વીવીપેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં BEL (ભારત ઈલેક્ટ્રોનિકસ લિમિટેડ) અને ECIL (ઈલેક્ટ્રોનિકસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ) દ્વારા VVPATનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### ❖ કેન્દ્રીય ચૂંટણીપંચ

- રાજય વિધાનસભાની ચૂંટણી કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે.
- ભારતીય બંધારણનાં અનુચ્છેદ–324(1) અનુસાર સંસદ, રાજય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950માં થઈ હતી.
- તેથી વર્ષ 2011 થી 25 જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિન તરીકે ઉજવાય છે.
- બંધારણના અનુચ્છેદ–324(2) મુજબ ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય બે ચૂંટણી કમિશનર હોય છે.

### ❖ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર

- ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શ્રી સુકુમાર સેન છે.
- ભારતના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શ્રીમતી વી. એસ. રમાદેવી (કાર્યકારી) છે.
- ભારતના વર્તમાન (15 ડિસેમ્બર, 2018ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે : (1) શ્રી સુનિલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર) (2) શ્રી અશોક લવાસા (ચૂંટણી કમિશનર)

### ❖ કેન્દ્રીય ચૂંટણીપંચના કાર્યો અને શકિતઓ

- રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.
- ચૂંટણીની તારીખો અને કાર્યક્રમની જાહેરાત કરવી.
- રાજકીય પક્ષોને માન્યતા તથા ચૂંટણી નિશાન (Election Symbol)ની ફાળવણી કરવી.
- રાજકીય પક્ષોને ચૂંટણીમાં તેમના પ્રદર્શનને આધારે રાષ્ટ્રીય અથવા રાજય સ્તરના રાજકીય પક્ષ તરીકે દરજ્જો આપવો.
- ચૂંટણીની આચાર સંહિતા તૈયાર કરવી.
- સંસદના સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાષ્ટ્રપતિને તથા રાજય વિધાનમંડળના સભ્યોની ગેરલાયકાત અંગે રાજયપાલને સલાહ આપવી.
- રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજયમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે નક્કી કરવું.

### ❖ ચૂંટણી પ્રક્રિયા

- સંસદના સાંસદો અને વિધાનમંડળના ધારાસભ્યોની ચૂંટણી પ્રક્રિયા સંસદ નક્કી કરે છે. સંસદ દ્વારા 1950માં લોકપ્રતિનિધિત્વ ધારો–1951 ઘડવામાં આવ્યો અને તેમાં ચૂંટણી પ્રક્રિયા નક્કી કરવામાં આવી. ચૂંટણી પંચ તેના આધારે ચૂંટણી પ્રક્રિયા નક્કી કરે છે.
- ચૂંટણીપંચ સંસદ અથવા રાજય વિધાન મંડળની સરકારોની સહમતિથી ચૂંટણી કાર્યક્રમ નક્કી કરે છે.
- ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ અથવા રાજયપાલના આદેશ મુજબ ચૂંટણી કાર્યક્રમોની જાહેરાત જાહેરનામા દ્વારા કરે છે.
- ચૂંટણી લડવા માટે ઉમેદવારોને ફોર્મ ભરવા 8 દિવસનો સમય આપવામાં આવે છે.
- ફોર્મ ભરવાની તારીખ પૂર્ણ થયા બાદ ચૂંટણી અધિકારી જે તે ઉમેદવારના ફોર્મની ચકાસણી કરી છે. જેમાં કોઈ ભૂલ અથવા અપૂર્ણ માહિતી બદલ જે તે ઉમેદવારનું ફોર્મ રદ કરી શકે છે. ત્યારબાદ ઉમેદવારોને પોતાનું ફોર્મ પરત ખેંચવા માટે 2 દિવસનો સમય આપવામાં આવે છે. પછી ચૂંટણી અધિકારી યોગ્ય ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરે છે તથા અપક્ષ ઉમેદવારો અને રાજકીય પક્ષોને ચૂંટણી નિશાનની ફાળવણી કરે છે.

### ❖ ચૂંટણી અંગેના મહત્વના અનુચ્છેદ

**અનુચ્છેદ–325** : કોઈ વ્યક્તિ ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણસર મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા ગેરલાયક બનશે નહીં, અથવા તે કારણસર ખાસ મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા હક્ક દાવો કરશે નહીં.

**અનુચ્છેદ–326** : લોકસભા અને રાજયોની વિધાનસભાઓની ચૂંટણીઓ પુખ્ત મતાધિકારના ધોરણે થશે. ભારતનો નાગરિક હોય તથા ઓછામાં ઓછી 18 વર્ષની ઉંમરની વ્યક્તિ મતદાન કરી શકે.
1974માં રચાયેલી તારકુંડે સમિતિએ મતદારની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવાની ભલામણ કરી હતી. ભારતમાં 61મા બંધારણીય સુધારા 1989 અંતર્ગત મતદાન માટેની ઉંમર 21 થી ઘટાડી 18 વર્ષ કરવામાં આવી છે.

**અનુચ્છેદ–327** : વિધાનમંડળોની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની સંસદની સત્તા.

**અનુચ્છેદ–328** : રાજય વિધાનમંડળની ચૂંટણીઓ સંબંધમાં જોગવાઈ કરવાની વિધાનમંડળની સત્તા.

**અનુચ્છેદ–329** : ચૂંટણી બાબતોમાં અદાલતની દરમ્યાનગીરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### ❖ ભારત સરકારના કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા તાજેતરમાં FTIIના નવા અધ્યક્ષ તરીકે શ્રી બ્રિજેન્દ્ર પાલ સિંહની નિમણૂક કરવામાં આવી છે.

શ્રી બ્રિજેન્દ્ર પાલ સિંહ આ અગાઉ FTIIના ઉપાધ્યક્ષ હતા. FTIIના અધ્યક્ષ તરીકે શ્રી બ્રિજેન્દ્ર પાલ સિંહે પ્રસિદ્ધ અભિનેતા શ્રી અનુપમ ખેરનું સ્થાન લીધું છે.

FTIIનું પૂરું નામ 'Film and Television Institute of India' છે. તેની સ્થાપના 1960માં થઈ હતી. FTII મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી છે.

### ❖ એંગ્લો ડચ એફએમસીઝી જાયન્ટ હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ ગેલેક્સો સ્મિથ કલાઈનની પોપ્યુલર બ્રાન્ડ હોર્લિક્સ, બુસ્ટ સહિતનો હેલ્થ ફૂડ પોર્ટફોલિયોનો હિસ્સો 27,750 કરોડમાં ખરીદશે.

જેની સાથે 10 હજાર કરોડના ટર્ન ઓવર સાથે ફૂડ એન્ડ રિફ્રેશમેન્ટ બિઝનેસ દેશનો સૌથી મોટો એફએન્ડઆર બિઝનેસ બનશે.

**એશિયા પેસિફિક બિઝનેસ સ્કૂલ રેકિંગ :**

ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદનો ફાઈનાન્સિયલ ટાઈમ્સ એશિયા પેસિફિક બિઝનેસ સ્કૂલ રેકિંગમાં ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ રેંકિંગમાં

આઈઆઈએમ 8માં ક્રમે રહ્યું છે, આઈઆઈએમ કલકત્તા 13માં સ્થાને છે. ખાનગી ઈન્સ્ટિટયૂશનમાં માત્ર ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ 17માં ક્રમે રહ્યું હતું. રેંકિંગમાં ચીનની શાંઘાઈ જિયાઓ ટોંગ યુનિવર્સિટી પ્રથમ સ્થાને છે.

❖ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ કેબિનેટની નિમણૂંક સમિતિએ એ.એન.ઝાના નાણાં સચિવ તરીકે નિયુક્તિ કર્યા.**

તેઓ હસમુખ અઢીયાનું સ્થાન લેશે. એ.એન.ઝા મણિપુર–ત્રિપુરા કેડરના 1982ની બેચના આઈએએસ અધિકારી છે. અજય નારાયણ ઝા અગાઉ પર્યાવરણ અને વન વિભાગ, મણિપુરમાં મુખ્ય સચિવ તરીકે સેવા આપી ચૂકયા છે. ભારતીય ચલણમાં એક રૂપિયાની નોટમાં નાણા સચિવ દ્વારા સહી કરવામાં આવે છે.

❖ **યુઝડ કૂકિંગ ઓઈલ માટેની એપ્લિકેશન રૂકો લોન્ચ કરાઈ.**

વપરાયેલ રાંધણ તેલ (આરયુસીઓ)ને બાયોડીઝલમાં તબદીલ કરવાના અભિયાન હેઠળ વધુ લોકો યુઝડ કૂકિંગ ઓઈલ આપી શકે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે 'રૂકો' એપ્લિકેશન લોન્ચ કરાઈ. આ એપ્લિકેશન બાયોડિઝલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા અને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સંયુકત પહેલ છે.

2018 યૂકોની નવી બાયોફયૂઅલ નીતિ હેઠળ, યૂઝડ કૂકિંગ ઓઈલને સ્વચ્છ ઈંધણમાં રૂપાંતરિત કરાશે. જેનાથી ઊર્જા સલામતી માટે આરોગ્ય અને ટકાઉ ગ્રીન ઈંધણને ખાતરી આપી શકાય.

❖ **તાજેતરમાં ફોર્બ્સે દ્વારા ઈન્ડિયા સેલિબ્રિટી–100 લિસ્ટ જાહેર કરવામાં આવ્યું.**

અભિનેતા સલમાન ખાન સતત ત્રીજા વર્ષે સૌથી વધુ કમાણી કરનાર સેલિબ્રિટી બન્યો છે. લિસ્ટમાં બીજા નંબરે ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલી છે. લીસ્ટમાં ત્રીજા સ્થાને અભિનેતા અક્ષય કુમાર છે.

❖ **રેલવે મંત્રાલયના રાષ્ટ્રીય રેલ સંગ્રહાલયએ પ્રવાસીઓને લાભો આપવા માટે મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમ સાથે કરાર કર્યા છે.**

બંને મ્યુઝિયમના આ કરારનો હેતુ રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમ અને મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમના પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવાનો છે. આ કરાર હેઠળ રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમના મુલાકાતીઓ મેડમ તુસાદ મ્યુઝિયમની મુલાકાત લેશે, તેમને ટિકિટ પર 35% ની ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તે જ રીતે મેડમ તુસાદ વેકસ મ્યુઝિયમના મુલાકાતીઓને રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમની ટિકિટ પર 30 ટકા આકર્ષક ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. રાષ્ટ્રીય રેલ મ્યુઝિયમએ એક નવી દિલ્હી, ચાણકયપુરી ખાતે આવેલ છે, જે ભારતની રેલ્વે હેરિટેજ તરફ ધ્યાન ખેંચે છે.

મેંડમ તુસાદ વેકસ મ્યુઝિયમ વિશ્વની મીણ સંગ્રહાલયની અગ્રણી ચેન છે. મેડમ તુસાદ મ્યુઝિયમ વર્ષ 2017માં નવી દિલ્હીના કોનોટ પેલેસમાં બનેલ વિશ્વનું 23મુ વેકસ મ્યુઝિયમ છે. ભારતનું આ પહેલું વેકસ મ્યુઝિયમ છે. તુસાદ મ્યુઝિયમમાં મહાત્મા ગાંધી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને શાહરૂખ ખાન જેવા 52 સેલિબ્રિટીઝની મીણની મૂર્તિઓ છે.

❖ **દેશની સ્વતંત્રતા અને સન્માનનું જીવના ભોગે રક્ષણ કરનારા વીર સૈનિકો અને સશસ્ત્ર સેનાઓ સાથે દેશની ભલી લાગણી અને તેમના કલ્યાણની ભાવનાને જોડવા દર વર્ષે 7મી ડિસેમ્બરના રોજ આર્મ્ડ ફોર્સીસ ફલેગ ડે એટલે કે સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે.**

આર્મ્ડ ફોર્સીસ ફલેગ ડે ની શરૂઆત વર્ષ 1949માં થઈ હતી અને તેનો હેતુ સેનાઓને તેમને યોગ્ય સમ્માન આપવાનો હતો.

❖ **WIPROના અધ્યક્ષ અઝીમ પ્રેમજીએ ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત થયો.**

"Chevalier de la Legion d'Honnerur" નામનો આ પુરસ્કાર તેમને IT ઉદ્યોગમાં પ્રદાન બદલ આપવામાં આવ્યો છે. WIPROની સ્થાપના 1945માં થઈ હતી. તેનું હેડકવાટર બેંગ્લોર ખાતે આવેલું છે.

❖ **ભારતીય રેલવેના ડીઝલ લોકોમેટિવ વકર્સે પહેલીવાર ડીઝલ રેલવે એન્જિનને ઈલેકિટ્રક રેલવે એન્જિનમાં પરિવર્તિત કર્યું.**

વારાણસીના ડીઝલ રેલવે એન્જિન કારખાનામાં ડીઝલ રેલવે એન્જિનને ઈલેકિટ્રક એન્જિનમાં બદલીને ઈતિહાસ રચી દીધો છે. 2600 હોર્સ પાવરના ડબ્લ્યુડીસી 3 શ્રેણીના એન્જિનને 5 હજાર હોર્સ પાવરનું ઈલેકિટ્રક એન્જિન બનાવી દેવાયું છે.

❖ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફોટો શેરિંગ પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર સળંગ બીજા વર્ષે સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતા વૈશ્વિક નેતા બની ગયા છે.**

ઈન્સ્ટાગ્રામ પર 15.5 કરોડ ફોલોઅર્સ સાથે પ્રધાનમંત્રી ટોચ પર છે. બીસીડબલ્યુ (બર્સન કોહ્ન અને વોલ્ફ) કંપનીના વૈશ્વિક દ્વારા દ્વિપ્લોમેસી અભ્યાસ 2018 મુજબ ઈન્સ્ટાગ્રામ પર તેઓ સૌથી અનુસરાતા વૈશ્વિક નેતા છે. 12.2 કરોડ ફોલોઅર્સ સાથે ઈન્સ્ટાગ્રામ પર બીજા ક્રમના વૈશ્વિક અગ્રણી નેતા ઈન્ડોનેશિયાના પ્રમુખ જોકો વિડોડો છે. યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પમાં 10.09 કરોડ 12.2 કરોડ ફોલોઅર્સ સાથે વિશ્વના ત્રીજા સૌથી વધુ અનુસરતા વિશ્વની નેતા છે.

❖ **પાકિસ્તાનના લેગ સ્પિનર યાસિર શાહ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી 200 વિકેટ લેનાર બોલર બની ગયો છે.**

ન્યુઝીલેન્ડ સામે ત્રીજી ટેસ્ટમાં યાસિરે સોમરવિલેને આઉટ કરીને આ સિધ્ધી મેળવી છે. તેણે પોતાની 33મી ટેસ્ટ (ટેસ્ટ નંબર 2332)માં આ સિદ્ધી મેળવી છે. આ પહેલા આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના લેગ સ્પિનર કલેરી ગ્રિમેટના નામે હતો.

❖ **કેન્દ્ર સરકારે કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમને મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુકત કર્યા.**

તેઓ અરવિંદ સુબ્રમણ્યમનું સ્થાન લેશે. અરવિંદ સુબ્રમણ્યમને મુખ્ય આર્થિક સલાહકાર તરીકે રાજીનામું આપ્યું હતું. કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમ ભારતના 17મા મુખ્ય આર્થિક સલાહકાર બન્યા છે, તેમનો કાર્યકાળ ત્રણ વર્ષ હશે. તેઓ નાણા મંત્રાલય હેઠળ કામ કરે છે. દેશના પ્રથમ મુખ્ય આર્થિક સલાહકાર જે.જે.અંજારિયા હતા.

❖ **બ્રિટનની રિસર્ચ સંસ્થા ઓકસફર્ડ ઈકોનોમિકસ દ્વારા ગ્લોબલ સિટીઝ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.**

આ રિપોર્ટ મુજબ વર્ષ 2019 થી 2035 સુધી વિશ્વના સૌથી વધુ ઝડપથી વિકસતા ટોપ–10 શહેરોમાં તમામ ભારતના હશે. રિપોર્ટ મુજબ વિશ્વના સૌથી વધુ ઝડપથી વિકસતા શહેરીની યાદીમાં સમગ્ર વિશ્વમાં ગુજરાતનું સુરત પ્રથમ ક્રમે છે. જયારે ઉત્તરપ્રદેશનું આગ્રા અને કર્ણાટકનું બેંગ્લોર આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે છે. આ યાદીમાં ગુજરાતનું રાજકોટ સાતમા ક્રમે છે.

❖ **નીતિ આયોગ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વર્લ્ડ હેકથોન લોન્ચ કરવામાં આવ્યું છે.**

"આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ – ફોર ઓલ". આ ઈવેન્ટનો ધ્યેય વિકાસમાં વિવિધ પડકારોને હલ કરવા માટે પગલાં સૂચવવાનો છે. આ હેકથોન બે તબક્કામાં ચાલશે. પ્રથમ તબક્કો 15 જાન્યુઆરી 2019ના રોજ પૂરો થશે અને બીજો તબક્કો 15 માર્ચ, 2019ના રોજ સમાપ્ત થશે. હેકેથોનના વિજેતાઓને 50 હજાર યુએસ ડોલરનો ઈનામ આપવામાં આવશે.

Banking Academy

❖ **ભારતીય ટીમે પહેલી વાર્ષીક હેના લાહોદ આંતરરાષ્ટ્રીય વ્હીલચેર બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં કાંસ્ય પદક જીત્યો હતો.**

લેબનાનમાં આયોજીત ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાને ગોલ્ડ અને સીરિયાએ સિલ્વર મેડલ જીત્યો હતો. આ ટુર્નામેન્ટમાં ઈરાક અને લેબનાનની ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટ આંતરરાષ્ટ્રીય કમીટી ઓફ રેડક્રોસ અને ત્રિપોલીના ડિસેબલ સ્પોટર્સ એસોસિએશને દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે આયોજીત કર્યુ.

❖ **રાંચીના સોફટવેર એન્જિનિયર રણજીત શ્રીવાસ્તવે સોફિયા રોબોટનું ઈન્ડિયન વર્ઝન બનાવ્યુ છે.**

રશ્મિ નામથી ઓળખાતો આ રોબોટ દુનિયાની પ્રથમ રેડિયો જોકી રોબોટ બની.

❖ **જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતનાર ભારતીય મહિલા રિલે ટીમ ફ્રાન્સના ફેશન મેગેઝિન "એલ"ની ડિજિટલ એડિશનની 22મી એનિવર્સરીના ઈસ્યુમાં ભારતીય ખેલાડીઓને કવર પેજ પર જગ્યા આપી હતી.**

આ મેગેઝિનને વિશ્વનો સૌથી મોટા ફેશન મેગેઝિન ગણવામાં આવી છે. હિમા દાસ, વિસ્માયા, સરિતા દેવી, પુવમ્મા એ આ વર્ષે જકાર્તામાં મહિલા રિલેમાં ગોલ્ડ જીત્યો. "એલ" મેગેઝિન 1945માં શરૂ થઈ હતી. આ ફ્રાન્સમાં વીકલી, ફોર્ટનાઈટલી અને અન્ય દેશોમાં મંથલી મેગેઝિન પ્રકાશીત થયા છે.

❖ **તાજેતરમાં ગ્લોબલ કાર્બન પ્રોજેક્ટ દ્વારા કાર્બન ડાયોકસાઈડ ગેસ ઉત્સર્જન સર્વે જાહેર કરવામાં આવ્યો.**

સર્વે યુનાઈટેડ નેશન્સ કલાયમેટ કોન્ફરન્સ 2018ના પ્રસંગે જાહેર થયો હતો. કાર્બન ડાયોકસાઈડ ગેસ ઉત્સર્જનની દ્રષ્ટિએ ભારત ચોથા સ્થાને છે. સર્વે મુજબ ભારતે વર્ષ 2017માં વિશ્વનાં 7% કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન કર્યુ હતું. જે વર્ષ 2018માં 6.3% હતું. સૌથી વધુ ઉત્સર્જન કરતો દેશ ચીન છે જે 27% ઉત્સર્જન કરે છે. અમેરિકા 15% ઉત્સર્જન સાથે બીજા ક્રમે છે.

❖ **ફોર્બ્સે વિશ્વની 100 સૌથી શકિતશાળી અને પ્રભાવશાળી મહિલાઓની યાદી જાહેર કરી.**

તેમાં ભારતની ચાર મહિલાઓ, એચસીએલનાં સીઈઓ રોશની નાદર, બાયોકોનનાં ફાઉન્ડર કિરણ મજુમદાર શો, એચટી મીડિયાનાં મેનેજિંગ ડિરેકટર શોભના ભરતિયા તેમજ અભિનેત્રી પ્રિયંકા ચોપરાના સામેલ છે. તેમાં સૌથી સારું રેન્કિંગ રોશનીને મળ્યું છે. તેણી 51મા સ્થાને, કિરણ 60મા, શોભના 88મા અને પ્રિયંકા 94મા છે. તેમાં 13 વખત જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ જ ટોપ રહ્યાં હતા. આ વર્ષે સતત 8મી વાર મર્કેલ લિસ્ટમાં ટોપ પર છે.

❖ **કોહલીએ ઓસ્ટ્રેલિયામાં 18મી ઈનિંગ્સમાં 1000 રન પૂરા કર્યા હતા.**

ભારતીય બેટ્સમેનોમાં સૌથી ઓછી ઈનિંગ્સમાં આ સિદ્ધી મેળવી છે. લક્ષ્મણે 19 અને સચિને 22 ઈનિંગ્સમાં આ કારનાનો કર્યો હતો. કોહલી ઓસ્ટ્રેલિયામાં 1000 રન કરનાર 28મો વિદેશી બેટ્સમેન છે. કોહલીએ ઓસ્ટ્રેલિયામાં 59.05ની એવરેજથી 1000 રન કર્યા છે.

❖ **મેક્સિકોની વનિસા પોન્સ ડી લિયોનએ મિસ વર્લ્ડ 2018નું ટાઈટલ જીત્યું.**

આ ઈવેન્ટમાં ભારતની અનુકૃતિ વાસ ટોપ 30માં સામેલ હતી. આ ઈવેન્ટમાં 32 દેશોની સુંદરીઓએ ભાગ લીધો હતો. ગત વર્ષની મિસ વર્લ્ડ ભારતીય માનુષી ચિલ્લરે વનિસાને તાજ પહેરાવ્યો હતો. આ 70મી મિસ વર્લ્ડ સ્પર્ધા ચીનના સાનિયા શહેરમાં યોજાઈ હતી. થાઈલેન્ડની નિકોલેન પિશાપાને પ્રથમ રનરઅપ તરીકે પસંદ કરાઈ છે.

**મિસ વર્લ્ડનો ખિતાબ જીતનાર ભારતીય સુંદરીઓ :**

- રિતા ફરિયા (1966)
- ઐશ્વર્યા રાય (1994)
- ડાયના હેડન (1997)
- યુકતા મુખી (1999)
- પ્રિયંકા ચોપડા (2000)
- માનુષી ચિલ્લર (2017)

❖ **પુડુચેરી ખાતે દેશનું પ્રથમ અંડરવોટર મ્યુઝિયમ બનશે.**

માર્ચ 2018માં સેવા નિવૃત્તિ થયેલ માઈન્સવીપર INS કુડ્ડલોરને સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવામાં આવશે. માઈન્સવીપરને પુડુચેરી દરિયા કિનારે 7 કિલોમીટર દૂર તૈનાત કરવામાં આવશે.

❖ **ઈશાંત શર્માએ પહેલી ઈનિંગમાં શાનદાર પ્રદર્શન કરતાં કાંગારુના સુકાની ટીમ પૈનને આઉટ કરતાની સાથે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની 50 વિકેટ ઝડપી હતી.**

તે આ સિદ્ધી મેળવનાર ભારતનો ત્રીજો ફાસ્ટ બોલર બન્યો હતો. આ પહેલા ભૂતપૂર્વ સુકાની કપિલ દેવે (20 મેચમાં 79 વિકેટ) અને ઝહીર ખાને (19 મેચમાં 61 વિકેટ) આ સિદ્ધી મેળવી છે. ઈશાંત શર્મા બાદ ચોથા સ્થાને ઉમેશ યાદવ છે.

❖ **શુભાંકર શર્માએ એશિયન ટુર ઓર્ડર ઓફ મેરિટનો ખિતાબ જીત્યો છે.**

શુભાંકર શર્મા આ ખિતાબ જીતનાર સૌથી યુવા (22) ભારતીય ગોલ્ફર બન્યો હતો. શુભાંકર પહેલા જયોતિ રંધાવા (2002), અર્જુન અટવાલ (2003), જીવ મિલ્ખા સિંહ (2006, 2008) અને અનિર્બાન લાહિડી (2015) એ આ ખિતાબ જીત્યા છે.

❖ **મણિપુરમાં વિશ્વનો સૌથી ઊંચો બ્રિજ બાંધવામાં આવી રહ્યો છે.**

આ પુલ મણિપુરની આઈરિંગ નદી પર બાંધવામાં આવી રહ્યો છે. રેલવે મંત્રાલય અનુસાર આ બ્રિજ 141 મીટર ઊંચો હશે. જે યુરોપના મોન્ટેનેગ્રોમાં 139 મીટરના ઊંચા પુલ કરતા વધારે છે. તેનું નિર્માણ કાર્ય 2020 સુધીમ્રા પૂર્ણ થવાની ધારણા છે. આ રેલ્વે બ્રિજ મણિપુરમાં 111 કિમી લાંબી જિરીબામ–તુપુલ–ઈમ્ફાલ વચ્ચેની નવી બ્રોડ ગેજ લાઈન હેઠળ બાંધવામાં આવી રહ્યો છે. નવી બ્રોડ ગેજ લાઈનની કુલ લંબાઈ 703 મીટર હશે.

❖ **પાકિસ્તાન સરકારે આકરી સુરક્ષા ધરાવતા રાષ્ટ્રપતિ ભવનને સામાન્ય લોકો માટે ખુલ્લુ મુકયું.**

રાષ્ટ્રપતિ ભવનનું સત્તાવાર નામ એવાન–એ–સદર છે.

**પાકિસ્તાન વડાપ્રધાન :** ઈમરાન ખાન

**રાષ્ટ્રપતિ :** અરફ અલ્વી

❖ **દિલ્હી મેટ્રો પ્રવાસીઓની સંખ્યાની રીતે વિશ્વની સાતમી વ્યસ્ત મેટ્રો ટ્રેન સેવા બની છે.**

યુનિયન ઈન્ટરનેશનલ ડસ ટ્રાન્સપોર્ટેટ્સ પબ્લિકિસના તાજેતરના સર્વે મુજબ 2017માં 188.9 કરોડ લોકોએ દિલ્હી મેટ્રોમાં પ્રવાસ કર્યો હતો. ટોકયો મેટ્રો 346.3 કરોડ મુસાફરો સાથે પ્રથમ સ્થાને છે.

❖ **ફિફા કલબ વર્લ્ડ કપની યુએઈમાં શરુઆત થઈ.**

આ વર્લ્ડ કપની 15મી સીઝન છે. જેમાં 6 કન્ફેડરેશનની 7 કલબ ટીમો ભાગ લઈ રહી છે. ટૂર્નામેન્ટની ઈનામી રકમ 119 કરોડ છે. આ ટૂર્નામેન્ટમાં

ચેમ્પિયન ટીમને 36 કરોડ મળશે, રનર્સ અપ ટીમને 29 કરોડ મળશે. ટૂર્નામેન્ટમાં રિયલ મેડ્રિડ ટીમે બે વાર ચેમ્પિયન ટાઈટલ જીત્યું છે. આ ફૂટબોલની સૌથી નાની ટૂર્નામેન્ટ છે. જેમાં માત્ર 8 મેચ જ છે. જેની તમામ મેચ યુએઈના બે શહેરો અલ એન અને અબુ ધાબીમાં રમાશે.

### ❖ મણિપુર સરકારે 'મેથોઈલિમા' શીર્ષક સાથે મેરી કોમને સન્માનિત કર્યા.

વર્ષ 2018માં વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં સુવર્ણ ચંદ્રક જીતવા માટે તેમને 'મેથિઓલિમા' શીર્ષક આપવામાં આવ્યું હતું. સન્માન સાથે રાજયના મુખ્યપ્રધાન બિરેન સિંહે રૂ. 10 લાખનો ચેક ઈનામમાં આપ્યો.

**મણિપુર – રાજધાની :** ઈમ્ફાલ
**મુખ્ય પ્રધાન :** એન. બિરેન સિંહ
**રાજયપાલ :** ડૉ. નજમા હેપ્તુલ્લાહ

### ❖ ગૃહમંત્રાલયે ટ્વિટર હેન્ડલ @સાઈબરદોસ્ત શરૂ કર્યું હતું.

આ ટ્વિટર એકાઉન્ટનો ઉદ્દેશ સાયબર ગુના અટકાવવા માટે સાવચેતીના ઉપયોગ વિશે લોકોને મૂળભૂત જ્ઞાન વધારવાનો છે.

આ ટ્વિટર હેન્ડલ વિક્ષેપકારક વ્યવસાય પ્રવૃત્તિઓ અને સાયબર ગુનાઓમાં દખલની શકયતાને લીધે નુકસાનને ઘટાડે છે.

### ❖ તાજેતરમાં સ્ટોકહોલ્મ આંતરરાષ્ટ્રીય શાંતિ રિસર્ચ સંસ્થાએ દુનિયાની 100 સૌથી મોટી હથિયાર નિર્માતા કંપનીઓનો રિપોર્ટ જાહેર કર્યો.

આ રિપોર્ટમાં ભારતની ચાર સરકારી કંપનીઓનો સમાવેશ થયો છે. જેમાં ઈન્ડિયન ઓર્ડિનેંસ ફેકટરીઝ 37માં સ્થાને રહી છે, હિંદુસ્તાન એરોનોટિકસ 38માં સ્થાને છે, ભારત ઈલેકટ્રોનિકસ 64માં સ્થાને છે જયારે ભારત ડાયનમિકસ આ યાદીમાં 94માં સ્થાને છે. આવું પ્રથમ વખત બન્યું છે જયારે વિશ્વની 100 સૌથી મોટી હથિયાર નિર્માતા કંપનીઓમાં ભારતની ચાર કંપનીનો સમાવેશ થયો હોય. સ્ટોકહોલ્મ આંતરરાષ્ટ્રીય શાંતિ રિસર્ચ સંસ્થાની સ્થાપના 1966માં થઈ હતી. હથિયાર નિર્માતા કંપનીઓમાં પ્રથમ સ્થાને લોકહિડ માર્ટિન છે.

### ❖ નેપાળ કેબિનેટની બેઠકમાં રૂપિયા 200, 500 અને 2000ની ભારતીય ચલણની નોટના વપરાશ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવાયો.

નેપાળે ભારતીય ચલણની રૂપિયા 100ના ચલણને જ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

### ❖ 2016-17 માટે ખાનગી સ્ટીલ ટાટા સ્ટીલ લિમિટેડએ 'બેસ્ટ પર્ફોમન્સ ઈન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ' માટે પ્રધાનમંત્રી પુરસ્કાર જીત્યો.

ટાટા સ્ટીલે 2014-15 અને 2015-16માં પણ પુરસ્કાર જીત્યા હતા. તેણે સતત ત્રીજા વર્ષે આ પુરસ્કાર જીત્યો છે. આ પુરસ્કાર દેશના સ્ટીલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ હૈદરાબાદ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા આપવામાં આવ્યો. આ પુરસ્કારની શરૂઆત 1992-93માં તત્કાલિન વડા પ્રધાન શ્રી પી. વી. નરસિંહ રાવના સૂચનથી થઈ હતી.

### ❖ કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેવા આવતા પર્યટકોની સુવિધા માટે રેલવે તંત્ર દ્વારા ડભોઈથી કેવડિયા કોલોની સુધી નવી બ્રોડગેજ લાઈન નાખવામાં આવશે.

તેના ભાગરૂપે કેવડિયા કોલોની ખાતે લગભગ 20 કરોડ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સુવિધા ધરાવતું રેલવે સ્ટેશન તૈયાર કરવામાં આવશે. આ નવા તૈયાર થનારા રેલવે સ્ટેશનનું રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું.

### ❖ વડોદરા ખાતે નિર્મિત વિશ્વની ત્રીજી અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીનું મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે કેન્દ્રીય રેલ મંત્રી પીયૂષ ગોયલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ એકડમી ઓફ ઈન્ડિયન રેલવે (NAIR) અને રેલવે યુનિવર્સિટી તેમજ બુલેટ ટ્રેન ટ્રેનિંગ સેન્ટરનો લાભ મળે તે માટે આગામી વર્ષે ઈન્ટિગ્રેટેડ કેમ્પસ બનાવી વધુ પાંચ કોર્સ શરૂ કરવા આવશે.

### ❖ રાજય સરકારે રાજયના કોઈપણ પોર્ટ પરથી જીવિત પશુઓની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકયો છે.

કેન્દ્ર સરકાર અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન પ્રમાણે પશુઓની નિકાસ થઈ શકશે નહી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રીય વાણિજય મંત્રી સુરેશ પ્રભુને પત્ર લખીને કવોરેન્ટાઈન સ્ટેશન અને સર્ટિફિકેશનની સુવિધા ઉપલબ્ધ ન કરાવવા અપીલ કરી છે.

### ❖ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે આઠમાં વિશ્વ આયુર્વેદ મહાસંમેલન અને આરોગ્ય એક્સપોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ મેગા ઈવેન્ટનું આયોજન આયુષ મંત્રાલય અને ગુજરાત સરકારના સહયોગથી વર્લ્ડ આયુર્વેદ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે.

### ❖ બોલીવુડમાં હોરર ફિલ્મોના દિગ્દર્શક તુલસી રામસેનું 14 ડિસેમ્બર 2018ના રોજ મુંબઈમાં નિધન થયું હતું.

સીતેર અને એંશીના દાયકામાં તેમણે દો ગજ જમીન કે નીચે, દરવાજા, પુરાના મંદિર, વીરાના જેવી હોરર ફિલ્મોનું દિગ્દર્શન કર્યુ હતું. તેમનો જન્મ 29 જુલાઈ 1944ના રોજ પાકિસ્તાનના કરાચી ખાતે થયો હતો.

### ❖ સૌરાષ્ટ્ર યુનિ.ના શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા દર વર્ષે સાહિત્યમાં યોગદાન બદલ પુરસ્કાર આપવામાં આવે છે.

ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે આ વર્ષે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારના લોકસાહિત્યના જ્ઞાતા એવા પ્રો. જયાનંદભાઈ જોશીની પસંદગી કરવામાં આવી છે. લોકગાયક હેમુગઢવી એવોર્ડ માટે સુરેન્દ્રનગર પંથકના જાણીતા લોકવાર્તાકાર લાભુભાઈ ભાંસળીયાની પસંદગી કરવામાં આવી છે. આ બંને સાહિત્યકારો પૂ.મોરારી બાપુના હસ્તે યુનિ. ખાતે રૂા. એક લાખના ધનરાશિ સાથે એવોર્ડ અર્પણ કરાશે.

### ❖ પીવી સિંધુ બેડમિન્ટન વર્લ્ડ ટૂર ફાઈનલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.

છટ્ઠા ક્રમની સિંધુએ બીજા ક્રમની જાપાનની ઓકુહારાને હરાવી હતી. 15 મહિનામાં સતત 7 અને 2018માં 5 ફાઈનલ હાર્યા પછી સિંધુએ તે પ્રથમ કિતાબ જીત્યો છે. સુપર સિરિઝ વિજેતા તરીકે સિંધુને 86 લાખ રૂપિયાનું ઈનામ મળશે. તેના કેરિયરનું આ 14મું ટાઈટલ છે. સિંધુની આ ત્રીજી વર્લ્ડ ટૂર ફાઈનલ મેચ હતી.

### ❖ ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાયેલ 14માં હોકી વિશ્વકપમાં બેલ્જિયમ વિજેતા બન્યું.

આ તેનું પ્રથમ હોકી વિશ્વકપ ટાઈટલ છે. વિશ્વકપની ફાઈનલમાં બેલ્જિયમે નેધરલેન્ડને હરાવી આ જીત મેળવી. આ વિશ્વકપમાં 16 દેશોની ટીમે ભાગ

લીધો હતો. હોકી વિશ્વકપ 2018નું એંથમ સોંગ "જય હિન્દ, જય ઈન્ડિયા" એ.આર.રહેમાન દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. વિશ્વકપ 2018ના મેસકોર્ટ તરીકે કાચબાને સ્થાન મળ્યું હતું. જેનું નામ "ઓલ્લી" હતું.

### ❖ પશ્ચિમ બંગાળ કેડરના 1988ના બેચ આઈપીએસ અધિકારી રામફલ પવારને નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના ડિરેક્ટર તરીકે નિયુકત કર્યા છે.

રાષ્ટ્રીય ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની સ્થાપના 11 માર્ચ, 1986ના રોજ થઈ હતી. તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

### ❖ માલદીવના રાષ્ટ્રપતિ સોલિહ પહેલા વિદેશપ્રવાસ પર ભારત આવ્યા છે.

તેમણે વડાપ્રધાન મોદી સાથે બેઠક કરી હતી જેમાં મોદીએ માલદીવને 10 હજાર 66 કરોડ રૂ.ની મદદ કરવાની જાહેરાત કરી છે. બંને નેતાઓએ ચાર સમજૂતી પર પણ મહોર લગાવી. તેમાં મહત્વપૂર્ણ સમજૂતી વિઝા અંગે પણ છે. સોલિહના શપથગ્રહણમાં પીએમ મોદી પણ પહોંચ્યા હતા.

### ❖ ભારતીય સેનાએ 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા, દમણ અને દીવમાં પ્રવેશ કરી તેને પોર્ટુગલ શાસનમાંથી આઝાદ કર્યા હતા.

ત્યારથી દર વર્ષે 19મી ડિસેમ્બરના રોજ 'ગોવા મુકિત દિવસ' ઉજવવામાં આવે છે. આ ત્રણેય વિસ્તાર પર 450 વર્ષથી પોર્ટુગલ શાસન હતું. ભારત સરકાર દ્વારા ઓપરેશન વિજય દ્વારા 40 કલાકની લડાઈ બાદ તેને આઝાદ કરવામાં આવ્યા હતા અને ભારતનો એક ભાગ જાહેર કરવામાં આવ્યો. 30 મે 1987ના રોજ ગોવાને રાજયનો દરજ્જો આપવામાં આવ્યો જયારે દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યા. ગોવા ભારતનું 26મુ રાજય છે.

### ❖ રાજયમાં અત્યાર સુધી સાબરમતીના રીવરફ્રન્ટ ખાતે યોજાતા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્વનું સ્થળ બદલાયું છે.

2019નો પતંગ મહોત્સવ 8 જાન્યુઆરીએ કેવડીયામાં યોજાશે. જેનું મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. ત્રણ દિવસ સુધી ચાલનારા મહોત્સવમાં દેશ તથા વિદેશના પતંગબાજો ભાગ લેશે.

### ❖ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક અરૂણ ભાદુરીનું 18 ડિસેમ્બર, 2018ના રોજ નિધન થયું.

અરૂણ ભાદૂરીનો જન્મ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં 7 ઓકટોબર 1943ના રોજ થયો હતો. તેઓ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત અને અર્ધ શાસ્ત્રીય સંગીતથી જોડાયેલ હતા. તેઓ કિરાના અને રામપુર ઘરનાના વિશેષજ્ઞ હતા. સંગીતના ક્ષેત્રે તેમના યોગદાન બદલ તેમને 2014માં પશ્ચિમ બંગાળ રાજયનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર બંગબીભુષણ એનાયત થયો હતો.

### ❖ Ôસેટ–7A :

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન અવકાશ કેન્દ્ર ખાતેથી સંદેશાવ્યવહાર ઉપગ્રહ Ôસેટ–7એ સફળતાપૂર્વક લોન્ચ કર્યો. Ôએસએલવી–એફ11 રોકેટની ઉપગ્રહને લોન્ચિંગની લગભગ 20 મિનિટ બાદ અવકાશમાં તેની નિર્ધારિત કક્ષામાં પહોંચાડવામાં આવ્યો હતો.

શ્રીહરિકોટાથી આ ચાલુ વર્ષે સાતમું અને છેલ્લું લોન્ચિંગ હતું. આ ઉપગ્રહ એરફોર્સની કમ્યુનિકેશન સિસ્ટમને વધુ મજબૂત બનાવશે. આ ઉપગ્રહમાં ગ્રિગોરિયન એન્ટેના લગાવાયું છે, જેનો ઉપયોગ સિવિલિયન અને મિલિટરી બંને કમ્યુનિકેશન માટે થઈ શકશે. Ôએસએટી–7નું વજન 2,250 કિગ્રા છે. 35 દિવસમાં શ્રીહરિ કોટાથી ઈસરોનું આ ત્રીજું સફળ પ્રક્ષેપણ હતું. Ôએસએલવીનું આ સતત છઠ્ઠું સફળ મિશન હતું. આવતા વર્ષે એફ–10 અને એફ–12 લોન્ચ કરવામાં આવશે.

### ❖ તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા વર્ષ 2018નો જેન્ડર ગેપ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.

ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેકસ 2018માં, 149 દેશોના આ સર્વેક્ષણમાં ભારત 108મું સ્થાન મેળવ્યું છે. વર્ષ 2017માં ભારત 108માં ક્રમે જ હતું, જયારે 2018માં, તે 87માં સ્થાને હતું. 149 દેશોમાં થયેલ સર્વેક્ષણમાં પાકિસ્તાનનો ક્રમ 148 છે, જયારે યમન 149 સ્થાને છે, આ રિપોર્ટમાં છેલ્લા દસ વર્ષથી આઈસલેન્ડ પ્રથમ સ્થાને છે.

### ❖ ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ દ્વારા લખાયેલ 'ચેન્જિંગ ઈન્ડિયા' પુસ્તકનું દિલ્હી ખાતે વિમોચન કરવામાં આવ્યું.

આ પુસ્તક ભારતના આર્થિક અને રાજકીય પાસાંઓને પ્રકાશિત કરે છે. 'ચેન્જિંગ ઈન્ડિયા' પુસ્તકમાં તેમના બાળપણ, શિક્ષણ, અર્થશાસ્ત્રી અને વડા પ્રધાન તરીકેનું Ôવન દર્શાવવામાં આવ્યું છે.

### ❖ ભારતીય કબડ્ડી ટીમના પુર્વ સુકાની અને બોનસના બાદશાહ તરીકે જાણીતા સ્ટાર ખેલાડી અનુપ કુમારે કબડ્ડીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.

અનુપ કુમાર હાલ પ્રો કબડ્ડી લીગમાં જયપુર પિંક પૈંથર્સ ટીમમાં સુકાની છે. અનુપ કુમારે 2006માં આંતરરાષ્ટ્રીય કબડ્ડીમાં સા.એશિયન ગેમ્સથી ડેબ્યુ કર્યુ હતું. તેઓ હરિયાણા રાજયના વતની છે.

### ❖ ભારતના સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામને તાજેતરમાં રશિયન સંરક્ષણ પ્રધાન જનરલ સેરગેઈ શોઈગુની સાથે લશ્કરી તકનીકી સહકાર માટે નવી દિલ્હી ખાતે આયોજિત થયેલ ભારત–રશિયા આંતર–સરકારી કમિશનની 18મી બેઠકમાં ભાગ લીધો હતો.

આ બેઠકમાં વેચાણ પછીની સમસ્યાના સમાધાન માટે તેમજ રશિયન મૂળના સૈન્ય શસ્ત્રની નવી આવૃત્તિને લગતી સમસ્યાની ચર્ચા કરવામાં આવી હતી. 'મેક ઈન ઈન્ડિયા' યોજના હેઠળ રશિયન મૂળના શસ્ત્રોનું ભારતમાં સંયુકત રીતે ઉત્પાદન કરાવવા માટે કરાર કરવામાં આવ્યા. ઈન્ડિયા–રશિયા ઈન્ટર–ગર્વમેન્ટલ કમિશન ઓન મિલેટ્રી ટેકનિકલ કોર્પોરેશન (IRIGC-MTC) ની સ્થાપના 2000ના વર્ષમાં કરવામાં આવી હતી. જેની પ્રથમ બેઠક મોસ્કોમાં 2001માં કરવામાં આવી હતી. 19મી બેઠક રશિયા ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

### ❖ કેન્દ્ર સરકાર દ્વારા ઈન ફલાઈટ એન્ડ મેરિટાઈમ કનેકિટવિટી રૂલ્સ (2018) જાહેર કરાયો.

જે ભારતના પ્રદેશની અંદર ફલાઈટસ અને વહાણના સફર પર ફોન કોલ્સ અને ઈન્ટરનેટને પરવાનગી આપે છે. ફલાઈટ અને મેરિટાઈમ કનેકિટવિટી ભારતના માન્ય ટેલિકોમ લાઈસન્સ ધારક દ્વારા સ્પેસ ડિપાર્ટમેન્ટની પરવાનગી ધરાવતા ઘરેલુ અને વિદેશી ઉપગ્રહો દ્વારા પૂરી પાડી શકાશે.
ભૂમિગત મોબાઈલ નેટવર્કની દખલ ટાળવા માટે એરક્રાફટને ભારતીય હવાઈમથકમાં ઓછામાં ઓછી 3000 મીટરની ઊંચાઈએ પહોંચ્યા પછી IFMC સેવાઓ સક્રિય કરવામાં આવશે. IFMC લાઈસન્સ વાર્ષિક રૂ.1 ના દરે 10 વર્ષ માટે આપવામાં આવશે. પરમિટ ધારકને સેવાઓ પુરી પાડતી આવક પર આધારીત લાઈસન્સ ફી અને સ્પેકટ્રમ ચાર્જ ચુકવવા પડશે.

### ❖ COP 24ના મુખ્ય પરિણામ સ્વરૂપે એક 'રૂલબુક' બનાવવામાં આવી.

'રૂલબુક'માં સભ્ય–રાષ્ટ્રો કાર્બન–ઉત્સર્જન અને તેમના ઉત્સર્જન–કટીંગના પ્રયાસો અંગેના અહેવાલને કેવી રીતે માપશે તે અંગેના નિયમો છે. આ 'રૂલબુક'ને 2015 પેરિસ એગ્રીમેન્ટની 'ઓપરેટિંગ મેન્યુઅલ' તરીકે દર્શાવવામાં આવે છે.

કાટોવાઈસ પેકેજમાં દિશાનિર્દેશો સામેલ છે જે પારદર્શિતા માળખાને સંચાલિત કરશે. તે નક્કી કરે છે કે દેશો તેમના રાષ્ટ્રિય નિશ્ચિત યોગદાનને (NDC–નેશનલ ડિટરમાઈન કંટ્રીબ્યુશન) વિશેની માહિતી પ્રદાન કરશે જે તેમના સ્થાનિક ક્રિયાઓનું વર્ણન કરશે. આ માહિતીમાં અને અનુકૂલન પગલા તેમજ વિકાસશીલ દેશોની આબોહવામાં કાર્યવાહી માટે નાણાકિય સહાયની વિગતોનો સમાવેશ થાય છે.
કાટોવાઈસ પેકેજમાં સામેલ માર્ગદર્શિકામાં 2025 થી નાણા પરના નવા લક્ષ્યોને સ્થાપિત કરવાની પ્રક્રિયા પણ આપી છે. તેમાં ગ્લોબલ સ્ટોકટેક (GST)નું સંચાલન કેવી રીતે કરવું એ પણ સામેલ છે.

❖ **ભારતની સૌથી મોટી કેન્સર ઈન્સ્ટિટયુટ જાહેર સેવાઓ માટે હરિયાણાના ઝજ્જરમાં 18 ડિસેમ્બર, 2018ના રોજ ખોલવામાં આવી.**

જેની સ્થાપના દિલ્હીની AIIMSના અંતર્ગત કરવામાં આવશે. ડો. Ö.કે.રથ આ ઈન્સ્ટિટયુટના હેડ બનશે.

❖ **વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા જેન્ડર ગેપ ઈન્ડેસ 2018 રિપોર્ટમાં ભારતે 2017નું 108મું સ્થાન જાળવી રાખ્યુ છે.**

2006 થી જાહેર થતા આ રિપોર્ટના મુખ્ય ચાર સ્તંભો આ પ્રમાણે છે : (1) આર્થિક તક, (2) રાજકિય સશક્તિકરણ, (3) શૈક્ષણિક પ્રાપ્તિ અને (4) આરોગ્ય.
છેલ્લા 10 વર્ષથી આ સુચિમાં પ્રથમ સ્થાન આઈસલેન્ડ દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.

❖ **આર્થિક બાબતોની કેબિનેટ કમિટી દ્વારા વડાપ્રધાનની અધ્યક્ષતા હેઠળ 50% થી વધુ વસ્તી ધરાવતા અથવા ઓછામાં ઓછા 20,000 આદિવાસી સંખ્યા ધરાવતા દરેક તાલુકાઓમાં એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કુલની સ્થાપના માટે સૈદ્ધાતિક મંજૂરી આપી છે.**

ઈ.એમ.આર.એસ. ચલાવવા માટે નવોદય વિદ્યાલય સમિતિ જેવી આદિવાસી બાબતોના મંત્રાલય હેઠળ સ્વાયત સોસાયટી હશે. 163 આદિવાસી વર્ચસ્વ ધરાવતા જિલ્લામાં રૂ. 5 કરોડના ખર્ચે રમત માટેની સુવિધા પૂરી પાડવામાં આવશે. હાલમાં 102 તાલુકા ઈ.એસ.આર.એમ. ધરાવે છે જેથી, દેશના 462 તાલુકામાં નવી ઈ.એમ.આર.એસ. સ્થાપવામાં આવશે.

**આદિવાસી બાબતોના મંત્રાલય :**
- **સ્થાપના :** 1999
- **મંત્રી :** જુએલ ઓરમ

❖ **IDFC બેંકએ નોન–બેંકિગ ફાઈનાન્સિયલ કંપની કેપિટલ ફર્સ્ટ સાથે જોડાણ કરીને 'IDFC ફર્સ્ટ બેંક'ના નામથી ઓળખાશે.**

વી. વેધ્યાનાથન જે કેપિટલ ફર્સ્ટના સ્થાપક હતા તેને 'IDFC ફર્સ્ટ બેન્ક'ના CEO અને મેનેજિંગ ડાયરેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યા.

**નોન–બેકિંગ ફાઈનાન્સિયલ કંપની :**

NBFC એ કંપની એકટ, 1956 હેઠળ બેંન્કિન નિયમો અંતર્ગત કાર્ય કરે છે પરંતુ તેની પાસે બેંન્કિગ લાઈસન્સ હોતુ નથી.

❖ **તાજેતરમાં લોકસભા દ્વારા સરોગેસી (રેગ્યુલેશન) બિલ, 2016 પસાર કરવામાં આવ્યો.**

આ બિલ પર વ્યાપારી સરોગેસી પર પ્રતિબંધ મુકયો છે. આ બિલ સરોગેટ માતા અને સરોગેસીથી જન્મેલા બાળકના અધિકારનું રક્ષણ કરે છે. આ બિલ દ્વારા રાષ્ટ્રિય સ્તરે અને રાજયે સ્તરે સરોગેસી બોર્ડની સ્થાપના કરીને યોગ્ય અધિકારીઓ દ્વારા સરોગેસીનું નિયમન કરવામાં આવશે. આ બિલ જમ્મુ–કશ્મીર સિવાયના ભારતના બધા રાજયોમાં લાગુ કરવામાં આવશે.

**સરોગેસી શું છે ?** – જે દંપતી ફળદ્રુપ નથી અને સંતાનપ્રાપ્તિ માટે ઈચ્છુક છે અને તે કોઈ પરસ્ત્રીને ગર્ભવતી બનવા માટે સંમત કરે છે અને ગર્ભાવસ્થાને યોગ્ય સમયગાળા સુધી લઈ જઈને તે સ્ત્રી બાળકને જન્મ આપે છે.

આ બિલ અનુસાર સરોગેસી માત્ર ભારત નાગરિક માટે ઉપલબ્ધ થશે. બિલ મુજબ સમલૈંગિક અને સિંગલ પેરેન્ટસ પણ સરોગેસી કરાવી શકશે નહી. જે દંપતી સરોગેસી કરવા માંગે છે તેની ઉંમર 23 થી 50 વર્ષ અને સરોગેટ માતાની ઉંમર 25 થી 35 વર્ષની હશે જે તેમના Öવનકાળ દરમિયાન એક જ વખત સરોગેટ બની શકશે. દંપનીનો લગ્નકાળ 5 વર્ષ કે તેથી વધુ હોવો અનિવાર્ય છે.

❖ **'શિક્ષા સેતુ' નામની મોબાઈલ એપ હરિયાણા સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવી.**

આ એપ્લિકેશન રાજયના વિદ્યાર્થીઓ, માતા–પિતા, શિક્ષકો અને એડમિનિસ્ટ્રેશન વચ્ચેની કનેકટિવીટીમાં સુધારો લાવશે. સરકારી કોલેજોના લેકચરરની જાણકારી તમને ઓનલાઈન પ્રાપ્ત થશે. એપ્લિકેશન વિદ્યાર્થીઓને મહત્વપુર્ણ સૂચનાઓ, પરિપત્ર અને અન્ય પ્રોગ્રામ્સની અપડેટ્સ વિશે ત્વરીત માહિતી આપશે. રાજયની દરેક કોલેજોમાં સીટ અને કોર્સની સ્થિતિ જાણી શકાશે.

**હરિયાણા :**

- **સ્થાપના :** 1 નવેમ્બર 1966
- **કેપિટલ :** ચંદીગઢ
- **ગવર્નર :** સત્યદેવ નારાયણ આર્ય
- **મુખ્યમંત્રી :** મનોહર લાલ ખટ્ટર

❖ **18 ડિસેમ્બર, 2018ના રોજ નવી દિલ્હીમાં રાજકુમાર શુકલાની યાદમાં પોસ્ટ ડિપાર્ટમેન્ટે એક સ્મૃતિ ચિહ્નરૂપ પોસ્ટ સ્ટેમ્પ જાહેર કરી હતી.**

1917માં થયેલ ચંપારણ સત્યાગ્રહમાં મહત્વનું યોગદાન રાજકુમાર શુકલાનું હતું. રાજકુમાર શુકલા દ્વારા મહાત્મા ગાંધીને ચંપારણની મુલાકાત લેવા સમજાવ્યા હતા. અગાઉ વર્ષ 2000માં રાજકુમાર શુકલાની 125મી જન્મજયંતિ પર પોસ્ટેજ સ્ટેમ્પ બહાર પાડયો હતો. ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ દ્વારા ચાલુ કેલેન્ડર વર્ષમાં 43 સ્ટેમ્પ જાહેર કર્યા છે જાણીતા વ્યકિતત્વને શ્રદ્ધાંજલી આપવા તે જાહેર કરવામાં આવ્યા છે.

ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ : સંદેશાવ્યવહાર મંત્રાલય (કમ્યુનિકેશન મિનિસ્ટ્રી) (મનોજ સિન્હા)

❖ **અમેરિકા ઈન્ટરમિડિયેટ રેન્જ ન્યુકિલયર ફોર્સ ટ્રીટીમાંથી બહાર નીકળી ગયુ છે.**

1987માં થયેલી આ સંધિનો ઉદ્દેશ યુરોપ અને અમેરિકા વચ્ચે સ્થિરતાને સુનિશ્ચિત કરવાનો હતો. આ સંધિ અનુસાર બંને દેશોમાં ઉત્પાદિત થતી 500-5000 km ની શોર્ટ તેમજ મિડિયમ રેન્જ ધરાવતી મિસાઈલ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. તેમજ મિસાઈલ લોન્ચર 500-1000 km (શોર્ટ રેન્જ) અને 1000-5000 km (મધ્યમ રેન્જ) પર પ્રતિબંધ રાખવામાં આવ્યો હતો.

❖ **ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે એક સિમાચિહ્નરૂપ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે.**

આ પ્રોજેકટ અંતર્ગત ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓના શિક્ષણના ગુણાત્મક સુધાર માટે દર સપ્તાહે એક એકમ કસોટી લેવામાં આવશે. આ અંતર્ગત દર અઠવાડિયે રજા સિવાયના શનિવારે જે તે શાળામાં સાપ્તાહિક મૂલ્યાંકન માટે વિવિધ વિષયની એકમ કસોટીનું આયોજન

કરવામાં આવશે. આ મૂલ્યાંકન માટે તૈયાર કરવામાં આવેલ એકમ કસોટી પુસ્તિકાનું શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા વિમોચન કરવામાં આવ્યું છે. આ એકમ કસોટીનો પ્રારંભ 22 ડિસેમ્બર, 2018ને શનિવારથી થશે.

### ❖ હરિયાણા સરકાર દ્વારા તાજેતરમાં 7 થી 23 ડિસેમ્બર 2018 દરમિયાન હરિયાણાના કુરુક્ષેત્રના બ્રહ્મસરોવર ખાતે આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા એક ગુજરાત પેવેલીયન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતની સાંસ્કૃતિક પ્રતિકૃતિ સમા ધરોહર, મંદિરો, પ્રવાસન સ્થળો તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

### ❖ ન્યુ ઈન્ડિયા @ 75

નિતી આયોગ દ્વારા રજુ કરાયેલી આ વ્યુહરચનાનો મુખ્ય હેતુ ભારતને 4 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવાનો છે. જેના ભાગરૂપે આ વ્યુહરચનાને 4 ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. (1) ડ્રાઈવર (2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (3) ઈન્કલુઝન (4) ગવર્નન્સ

આ વ્યુહરચના 41 નિર્ણાયક વિસ્તાર માટે વિગતવાર માહિતી પૂરી પાડશે. આ વ્યુહરચનામાં વ્યવસાયિક વ્યક્તિઓ, શૈક્ષણિક વ્યવસાય જેમા વૈજ્ઞાનિકોનો પણ સમાવેશ અને સરકારી અધિકાર સાથે વ્યાપક ચર્ચા દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

**(1) ડ્રાઈવર્સ :** આ વિભાગ અર્થવ્યવસ્થાના એન્જિનના રૂપમાં કાર્ય કરશે જેમના મુખ્ય ઉદ્દેશ્ય અનુસાર 2022 સુધીમાં ખેડુતોની આવક બમણી કરવા આ વિભાગમાં અમુક ભલામણ કરવામાં આવી છે. ખેડુતોને 'એગ્રીપ્રિન્યોર્સ'માં રૂપાંતરીત કરવા. 'ઝિરો બજેટ નેચરલ ફાર્મિંગ' તકનીકોને પ્રોત્સાહન આપવુ જેનાથી ખર્ચ ઘટશે જમીનની ગુણવત્તામાં સુધારો થશે અને ખેડુતોની આવકમાં વધારો કરશે. 'એક્સપ્લોર ઈન ઈન્ડિયા' લોન્ચ કરીને ખનીજ સંશોધન અને લાઈસન્સ નિતીને સુધારવું.

**(2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર :** આ વિભાગ વૃદ્ધિના ભૌતિક પાયા સાથે વ્યવહાર કરે છે. જે ભારતીય વ્યવસાયની સ્પર્ધાત્મકતા વધારવા માટે નિર્ણાયક છે.

**વિભાગમાં આવેલી ભલામણ મુજબ :**

- રેલ્વે ડેવલોપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરવી જે પારદર્શક અને ગતિશીલ કિંમત નિર્ધારણ પર નિર્ણયો આપવા માટે રેલ્વેને સહાય કરશે.
- પરિવહનના વિવિધ મોડ્સને એકિકૃત કરવા અને મલ્ટી–મોડલ ગતિશીલતાને પ્રોત્સાહિત કરવા માટે IT પ્લેટફોર્મનો વિકાસ કરવો.
- 2019માં ભારતનેટના સમાપન સાથે 2.5 લાખ ગ્રામ પંચાયત ડિજિટલી જોડાશે. તેઓ રાજ્ય, જિલ્લા અને ગ્રામ પંચાયતોને સરકારી સેવાઓ માટે 2022-23 સુધી પહોચાડવામાં સહાય કરશે.

**(3) ઈન્કલુઝન :** આ વિભાગ ભારતીય નાગરિકોની ક્ષમતાઓમાં રોકાણ કરવાની કાર્યવાહી સાથે કામ કરશે. આ વિભાગ ત્રણ થીમ છે જે (1) આરોગ્ય, (2) શિક્ષણ અને (3) વસ્તીના પરંપરાગત સીમાચિહન વિભાગો

**વિભાગ અંતર્ગત ભલામણો :**

- સમગ્ર દેશમાં 1,50,000 આરોગ્ય અને તંદુરસ્તી કેન્દ્રોની સ્થાપના કરીને આયુષ્યમાન ભારત કાર્યક્રમનું સફળ અમલીકરણ.
- 2020 સુધીમાં ઓછામાં ઓછા 10,000 અટલ ટિંકરીંગ લેબની સ્થાપના કરીને ગ્રાઉન્ડ લેવલ પર નવી નવીકરણ ઈકોસિસ્ટમ બનાવવા સહિત સ્કુલ એજ્યુકેશન સિસ્ટમમાં કુશળતાની ગુણવતામાં સુધારો.
- ગ્રામિણ વિસ્તારોમાં આર્થિક વિકાસને મજબુત બનાવવા માટે કામદારોની વસવાટની સ્થિતિ સુધારવી અને સમાનતાને સુનિશ્ચિત કરવા શહેરી વિસ્તારોમાં સસ્તુ આવાસ પુરૂ પાડવું.

**(4) ગવર્નન્સ :** સરકારી માળખાને સુવ્યવસ્થિત અને સારા વિકાસના પરિણામો પ્રાપ્ત કરવા પ્રયાસો કરવા.

- ઉભરતી તકનીકોના સંદર્ભમાં ફેરફાર અને અર્થતંત્રની વધતી જટિલતાના નિવારણ માટે અનુગામી નિમણુક કરવા બીજા વહિવટી સુધારાની ભલામણોનો શરૂઆતથી અમલ.
- આર્બિટ્રેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા નામની સ્વાયત સંસ્થા બનશે. જે અન્ય મધ્યસ્થી સંસ્થાઓ અને મધ્યસ્થીને પ્રમાણિત કરશે જેથી મધ્યસ્થીની પ્રક્રિયા વધુ સકારાત્મક અને ઝડપી બનશે અને કોર્ટના હસ્તક્ષેપમાંથી મુક્તિ મળશે.
- કોર્ટની સામાન્ય પ્રક્રિયામાંથી અનિર્ણિત રીતે સંગૃહિત થયેલા કેસોને અલગ કરવામાં આવશે.
- સ્વચ્છ ભારત મિશનને વિસ્તૃત કરીને પ્લાસ્ટિક કચરો દુર કરીને ઈ–કચરાનો પુનઃઉપયોગ કરવામાં આવશે.

સ્ટ્રેટીÒ ઈન્ડિયા @ 75 નિતી ઘડવાની અને અમલીકરણના મૂળમાં નવીનતા, તકનીકી, એન્ટરપ્રાઈઝ અને કાર્યક્ષમ સંચાલન લાવવાનો પ્રયાસ છે.

### ❖ બેલ્જિયમના પ્રધાનમંત્રી એ 20 ડિસેમ્બર, 2018 ના રોજ પોતાના પદથી રાÒનામું આપ્યું.

ફ્રેન્કોફોન લિબરલ પાર્ટીના સદસ્ય ચાર્લ્સ મિશેન 1841 પછીના બેલ્જિયમના સૌથી નાની ઉંમરના વડાપ્રધાન હતા. રાÒનામુ આપવા પાછળનો હેતુ તેમની સરકાર દ્વારા અપાયેલ UN ગ્લોબલ કોમ્પેકટ ઓન માઈગ્રેશનના સમર્થન પર વિપક્ષ દળનું દબાણ જાણવામાં આવ્યું છે.

**UN ગ્લોબલ કોમ્પેકટ ઓન માઈગ્રેશન :**

તે પ્રથમ આંતર સરકારી કરાર છે જે યુનાઈટેડ નેશનલ અંતર્ગત થયેલ છે જેમાં સંપૂર્ણ અને વ્યાપક રીતે આંતરરાષ્ટ્રિય સ્થળાંતરના તમામ પરિણામોને આવરી લે છે. સપ્ટેમ્બર, 2016માં ન્યુયોર્ક ડિક્લેરેશન ફોર રિફુÒ એન્ડ માઈગ્રેશનને જનરલ એસેમ્લી દ્વારા સ્વીકારવામાં આવી. જેનો ઉદ્દેશ સ્થળાંતર માટે વૈશ્વિક કરાર કરવાનો હતો.

### ❖ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના ટૂંણા–કંડલા બંદરેથી Òવિત પશુઓની નિકાસ તાત્કાલિક અસરથી સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તાજેતરમાં Òવતા પશુઓની નિકાસ સંદર્ભે ભારત સરકાર અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા નવી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે. આથી, આ નવી માર્ગદર્શિકા પ્રમાણેનું યોગ્ય માળખુ ગુજરાતમાં જયાં સુધી ન રચાય ત્યાં સુધી આ બંદરેથી Òવિત પશુઓની નિકાસ સ્થગિત કરવામાં આવી છે.

### ❖ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગર ખાતે ખાદ્ય–ખોરાક પ્રદર્શન 2018નો શુભારંભ કરાવ્યો હતો.

ગાંધીનગરમાં એક્ઝિબિશન સેન્ટર–હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે 14 થી 17 ડિસેમ્બર, 2018 દરમિયાન ખાદ્ય–ખોરાક અંગેના આ 16મા પ્રદર્શનનું આયોજન થયું હતું. આ પ્રદર્શનની થીમ 'સર્વ ધી ગ્લોબ' હતી.

### ❖ તાજેતરમાં ચીનના ગ્વાંગઝૂ ખાતે બેડમિન્ટનની BWF વર્લ્ડ ટુર ફાઈનલ્સ ચેમ્પિયનશિપ 2018નું આયોજન થયું હતું.

આ ટુર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ફાઈનલ મેચમાં ભારતની પી. વી. સિંધુએ જાપાનની નોઝોમી ઓકુહારાને પરાજય આપીને આ ચેમ્પિયનશિપ Òતી લીધી છે. આ સાથે જ પી. વી. સિંધુ બેડમિન્ટનની વર્લ્ડ ટુર ફાઈનલ્સ ચેમ્પિયનશિપ Òતનારી ભારતની સૌપ્રથમ ખેલાડી બની ગઈ છે.

### ❖ ગુજરાતના ભરૂચ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાના દિવ્યાંગજનોની ફરિયાદ અંગે ગુજરાતમાં સૌપ્રથમ વખત ભરૂચ ખાતે મોબાઈલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સરકારના ડીસીબિલિટી વિભાગના ઉપક્રમે 7 જાન્યુઆરી, 2019ના રોજ ભરૂચની કલેકટર કચેરીના કોન્ફરન્સ રૂમમાં આ મોબાઈલ કોર્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

❖ **તાજેતરમાં ભારતીય વાયુસેનાના મુખ્ય પરીક્ષણ સ્થળ ASTE, બેંગાલુરૂ ખાતેથી ભારતીય વાયુસેનાના AN-32 સૈનિક માલવાહક વિમાન દ્વારા પ્રથમ વખત મિશ્રિત બાયો જેટ ઈંધણ સાથે સફળ ઉડાન ભરવામાં આવી હતી.**

આ વિમાનમાં 10 ટકા મિશ્રણ વાળા ATF (Aviation Turbine Fuel)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય વાયુસેના, DRDO, ડાયરેકટ્રેટ જનરલ એરોનોટિકલ કવોલિટી એશ્યોરેન્સ અને CSIR–ભારતીય પેટ્રોલિયમ સંસ્થા દ્વારા સંયુકત રીતે પ્રાયોગિક ધોરણે આ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો હતો.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ગુજરાતમાં રૂ.3,710 કરોડના મૂડી રોકાણના પ્રોજેકટ માટે MoU થયા છે.**

આ અંતર્ગત સાંઘી ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ, ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ અને મહાનસરિયા ટાયર્સ પ્રા. લિમિટેડ ગુજરાતમાં કુલ રૂ.3,710 કરોડના મૂડીરોકાણ સાથે નવા પ્રોજેકટ શરૂ કરશે.જેમાં સાંઘી ઈન્ડસ્ટ્રિઝ કચ્છમાં સાંઘીપુરમ્ ખાતે રૂ.1500 કરોડના ખર્ચે પોતાના સિમેન્ટ પ્લાન્ટનું વિસ્તરણ કરશે.

ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ કચ્છમાં મીઠા અને મરીન કેમિકલ્સના ઉત્પાદન માટે રૂ.550 કરોડના ખર્ચે પ્લાન્ટ શરૂ કરશે. આ ઉપરાંત ગીર–સોમનાથના સુત્રાપાડા ખાતેના બ્રાઉનફિલ્ડ સોડા–એશ પ્લાન્ટના વિસ્તરણ માટે પણ ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડે રૂ.600 કરોડના MoU કર્યા છે. જયારે મહાનસરિયા ટાયર્સ પ્રા. લિમિટેડ દ્વારા ગુજરાતમાં ભરૂચ જિલ્લાના પાનોલો ખાતે ટાયર, ટયૂબ અને અન્ય રબર ઉત્પાદનોનો પ્રોજેકટ શરૂ કરવા માટે રૂ.1060 કરોડના MoU કરવામાં આવ્યા છે.

❖ **તાજેતરમાં ભારતમાં હૈદરાબાદ ખાતે માનવ રહિત વિમાન (Unmanned Aerial Vehicle-UAV)ના નિર્માણ માટેની ભારતની પ્રથમ ખાનગી ફેકટ્રીનો શુભારંભ થયો છે.**

ભારતના અદાણી ગ્રુપ તથા ઈઝરાયેલની એલ્બિટ સિસ્ટમ્સ નામની કંપની દ્વારા સંયુકત રીતે આ ફેકટ્રીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માટે 'અદાણી એલ્બિટ એડવાન્સ્ડ સિસ્ટમ્સ ઈન્ડિયા લિમિટેડ (AEASIL)' નામના જોઈન્ટ વેન્ચરની સ્થાપના કરવામાં આવી છે. અદાણી એલ્બિટ એડવાન્સ્ડ સિસ્ટમ્સ ઈન્ડિયા લિમિટેડ (AEASIL) દ્વારા પ્રથમ તબક્કામાં 12 માનવ રહિત વિમાન (UAV) બનાવવામાં આવશે.

❖ **તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના વીજજોડાણોવાળા ગુજરાતના આશરે છ લાખ બાવીસ હજારથી વધુ વીજ ગ્રાહકો પાસેથી બાકી નીકળતી રૂ.625 કરોડની રકમ ભરપાઈ કરવામાંથી મુકિત આપવામાં આવી છે.**

આ અંતર્ગત ગુજરાતમાં ઘરવપરાશ, ધંધાકીય તેમજ ખેતીવાડી હેતુના કાયમી ધોરણે કપાયેલા વીજ જોડાણોવાળા વીજ ગ્રાહકો તેમજ હાલના ચાલુ વીજ જોડાણોમાં એક યા બીજા કારણોસર પુરવણી બીલો આપવામાં આવેલા હોય તેવા તમામ વીજ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળી શકશે. જેમાં માત્ર રૂ.500 જેવી તદ્દન નજીવી રકમ ભરપાઈ કરી, વીજ બીલની રકમ તેમજ તેના વ્યાજની રકમ ભરપાઈ કરવામાંથી મુકિત મેળવી, નવીન વીજળી જોડાણ મેળવી શકાશે. ગુજરાતના અંદાજે 6.22 લાખથી વધુ વીજ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળશે અને લગભગ રૂ.625 કરોડથી વધુ રકમની માફી રાજય સરકાર આપશે.

❖ **તાજેતરમાં રાજસ્થાનના જયપુર ખાતે વર્ષ 2019માં યોજાનાર IPLની 12મી સિઝન માટે ખેલાડીઓની લિલામીનું આયોજન થયું હતું.**

જેમાં શ્રી જયદેવ ઉનડકટ અને શ્રી વરૂણ ચક્રવર્તી સૌથી વધુ રૂ.8.4 કરોડમાં વેચાયા હતા. જયારે શ્રી સેમ કુરેન રૂ.7.20 કરોડમાં વેચાયા હતા. IPL 12માં ઈંગ્લેન્ડના શ્રી સેમ (સેમ્યુઅલ મેથ્યુ) કુરેન સૌથી ઊંચી કિંમતે વેચાયેલા વિદેશી ખેલાડી છે.

IPLનું પૂરું નામ 'Indian Premier League' છે. ભારતમાં IPLનો પ્રારંભ વર્ષ 2008 થી થયો હતો. વર્ષ 2008ની IPL વિજેતા ટીમનું નામ 'ચેન્નાઈ સુપર કિંગ્સ' છે.

❖ **તાજેતરમાં 2017-18 માટેનો ફૂટબોલની રમતનો ખૂબ જ પ્રતિષ્ઠિત 'ગોલ્ડન શૂ એવોર્ડ' શ્રી લિયોનેલ મેસ્સીને એનાયત થયો છે.**

આ સાથે જ શ્રી લિયોનેલ મેસ્સી સૌથી વધુ પાંચ વખત આ એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે. આ અગાઉ શ્રી લિયોનેલ મેસ્સી અને શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આ એવોર્ડ ચાર–ચાર વખત જીત્યો હતો. શ્રી લિયોનેલ મેસ્સી બાર્સેલોના અને આર્જેન્ટિનાની ફૂટબોલ ટીમ તરફથી રમતા આર્જેન્ટિનાના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી છે.

❖ **ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી એસ. રામાનુજનની યાદમાં તેમનો જન્મદિન 22 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.**

શ્રી એસ. (શ્રીનિવાસ) રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો. 26 ફેબ્રુઆરી, 2012ના રોજ ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહ દ્વારા શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે મદ્રાસ યુનિવર્સિટીમાં 22 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય ગણિત દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ડો. મનમોહન સિંહે વર્ષ 2012ને 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે ઉજવવાની પણ જાહેરાત કરી હતી.

❖ **ગેટવિક એરપોર્ટ બ્રિટનમાં આવેલું છે અને બ્રિટનના હિથ્રો એરપોર્ટ બાદ તે બ્રિટનનું સૌથી વધુ અવરજવર વાળું એરપોર્ટ છે.**

❖ **તાજેતરમાં પ્રસિદ્ધ સામયિક ટાઈમ દ્વારા વિશ્વમાં પ્રેરણાત્મક કામ કરતા પ્રતિભાશાળી 25 ટીનેજર્સની યાદી જાહેર કરવામાં આવી છે.**

આ યાદીમાં ભારતીય મૂળના ત્રણ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જેમાં અમેરિકન ઈન્ડિયન વિદ્યાર્થી કાવ્યા કોપ્પારપુ અને રિષભ જૈન તથા બ્રિટિશ ઈન્ડિયન અમિકા જયોર્જનો સમાવેશ થયો છે. કાવ્યા કોપ્પારપુએ બ્રેન કેન્સરની સારવારમાં મદદ કરી શકે તેવું એક કોમ્પ્યુટર તૈયાર કર્યું છે. રિષભ જૈને એક એવું અલગોરિધમ તૈયાર કર્યુ છે કે જે કેન્સર સામે ઝઝૂમતા લોકોને મદદ કરી શકે તેમ છે. જયારે અમિકા જયોર્જ 'ફ્રી–પિરિયડ કેમ્પેઈન' ચલાવવા માટે પ્રસિદ્ધ છે.

❖ **તાજેતરમાં 20 થી 22 ડિસેમ્બર, 2018 દરમિયાન ગુજરાતમાં નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની ખાતે ટેન્ટસિટીમાં ત્રણ દિવસિય DGP કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.**

આ કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સમારંભમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંહે સંબોધન કર્યુ હતું. આ કોન્ફરન્સમાં દેશભરના 130 થી વધુ DGP તથા IGP એ ભાગ લીધો હતો.

## અગત્યના દિવસો

☑ **3 ડિસેમ્બર : ઈન્ટરનેશનલ ડે ઓફ ડિસએબલ પર્સન**

☑ **4 ડિસેમ્બર : ભારતના નૌકાદળની ભવ્યતા, સિદ્ધઓ અને ભૂમિકાના ઉત્સાહમાં 47માં નેવી ડે ની ઉજવણી કરવામાં આવી.**

આ ઉજવણી 1971માં થયેલ ઈન્ડો–પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ભારતની Ôતમાં ખુબ મોટુ યોગદાન INS નીરઘાત, INS નીપટ અને INS વીરનું હતું.

**ભારતીય નૌકાદળ :**

- **નિર્માણ :** 1912માં બ્રિટિશ વેપારી જહાજનું રક્ષણ કરવા માટે.
- **મુદ્રાલેખ :** शं नो वरूण જેનો અર્થ પાણીનો ભગવાન આપણા માટે શુભ રહેશે.
- **ચીફ ઓફ નાવલ ઓફિસર :** એડમિરલ : સુનીલ લાંબા, વાઈસ ચીફ ઓફ નાવલ ઓફિસર : અજિતકુમાર

☑ **5 ડિસેમ્બર : યુનાઈટેડ નેશન્સના ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા વિશ્વ માટી દિવસ ઉજવવામાં આવે છે.**

- **2018ની થીમ :** બી ધ સોલ્યુશન ટુ સોઈલ પોલ્યુશન

☑ **5 ડિસેમ્બર : સંયુકત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ ઉજવવામાં આવે છે.**

- 2018 થીમ – "Volunteers build Resilient Communities"

☑ **6 ડિસેમ્બર : હોમગાર્ડઝ ડે તરીકે ઉજવવામાં આવે છે.**

- ડો. ઝાકીર હુસૈનએ હોમગાર્ડઝ દળની સ્થાપના કરી હતી. 1946માં આ દળની સ્થાપના થઈ હતી. આ દળ કોઈપણ આફતના સમયમાં ભારતીય નાગરિકોની રક્ષા કરવાનું કાર્ય કરે છે. વર્ષ 1957માં લેડિઝ હોમગાર્ડઝની સ્થાપના થઈ હતી.

☑ **7 ડિસેમ્બર : આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે**

- યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC)એ દેશભરમાં તમામ યુનિવર્સિટીઓને 7 ડિસેમ્બરના રોજ સશસ્ત્ર દળોના ફ્લેગ ડે તરીકે નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો છે.
- **યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC) :**

UGC એ સરકાર દ્વારા સ્થપાયેલી વૈદ્યાનિક સંસ્થા છે. તે માનવ વિકાસ સંસાધન મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

લાભાર્થીઓને શિષ્યવૃત્તિ અને ફેલોશિપ અને યુનિવર્સિટીઓ અને કોલેજો દ્વારા તેના નિયમોને નિરીક્ષણ કરવા સમાનતા પૂરી પાડવી.

☑ **10 ડિસેમ્બર : વિશ્વ માનવાધિકાર દિવસ**

- 2018 થીમ "Stand Up For Human Rights" છે.

☑ **11 ડિસેમ્બર : યુનિસેફ દિવસ**

☑ **11 ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ**

- 2018 થીમ – Mountains Matter

☑ **18 ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ**

- આ વર્ષની થીમ – Migration with Dignity

☑ **22 ડિસેમ્બર : રાષ્ટ્રીય ગણિત દિવસ**

Banking Academy



COMBO OFFER
ખરીદો
સામાન્ય જ્ઞાન
16000
અને
તલાટી કમ મંત્રી
અને
જુનીયર ક્લાર્ક
25
આદર્શ પ્રશ્નપત્રો
2500
ઉપર
40%
છૂટ મેળવો
Banking Academy
375/- + 225/-
(40% છૂટ) = 135/-
Now
510/-
Only